

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 071
Dt.: 21-11-2025,
Friday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


# બિલ અનિશ્ચિતકાળ સુધી રોકી શકાય નહીં : સુપ્રીમ

## બિલ પર કાર્યવાહી કરવા કોર્ટ રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ માટે સમયમર્યાદા નક્કી ના કરી શકે: સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય બેન્ચ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ મોકલેલા ૧૪ બંધારણીય પ્રશ્નો પર આજે સુનાવણી કરી રહી છે. આ પ્રશ્નો રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોની વિવિધ બિલ પર નિર્ણય લેવાની સત્તા અને સમયમર્યાદા સાથે સંકળાયેલો છે. અગાઉ સુપ્રીમ કોર્ટે એક ચુકાદો આપતાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલોને પસાર કરવા મોકલેલા બિલ મુદ્દે ચોક્કસ સમયગાળામાં નિર્ણય લેવો પડશે. આ મુદ્દે રાષ્ટ્રપતિએ બંધારણીય મર્યાદાઓનું ઉલ્લંઘન થવાની ચિંતા વ્યક્ત કરી હતી, જેના સંદર્ભમાં આ પ્રશ્નો મોકલવામાં આવ્યા છે. જો કે, આ ચુકાદાને પલટાવતા સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી છે કે, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલોએ તમામ રોકી રાખેલા બિલ પર સમયમર્યાદા નક્કી કરવી ન્યાયસંગત નથી, પરંતુ તેમણે સંઘવાદની ભાવનાને મજબૂતાઈ આપવી જોઈએ, નહીં કે તેમાં અવરોધરૂપ બનવું જોઈએ. કોઈ પણ કોર્ટ આ રીતે સમયમર્યાદા નક્કી ના કરી શકે. રાષ્ટ્રપતિના સંદર્ભ પર નિર્ણય સંભળાવતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, 'અનુચ્છેદ ૨૦૦ અને ૨૦૧ હેઠળ રાજ્યપાલ પાસે ફક્ત ત્રણ જ મૂળભૂત વિકલ્પો રહે છે: બિલને મંજૂરી આપવી, નામંજૂર કરવું (રોકી રાખવું) અથવા રાષ્ટ્રપતિના વિચારણા માટે સુરક્ષિત રાખવું.' કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, પ્રથમ જોગવાઈને ચોથો વિકલ્પ ગણી શકાય નહીં. જો બે અર્થઘટન શક્ય હોય, તો તે અર્થઘટન સ્વીકારવું જોઈએ જે બંધારણીય સંસ્થાઓ વચ્ચે સંવાદ અને સહકારની ભાવનાને પ્રોત્સાહન આપે છે.સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી કે ભારતીય સંઘવાદની કોઈ પણ વ્યાખ્યા હેઠળ એ સ્વીકાર્ય નથી કે રાષ્ટ્રપતિ કે રાજ્યપાલો બિલને પરત મોકલ્યા વિના અનિશ્ચિત સમય માટે રોકી રાખે.



તે માટે સમયમર્યાદા નક્કી ના કરી શકાય, પરંતુ રાષ્ટ્રપતિ-રાજ્યપાલો માટે બિલ સુરક્ષિત રાખવું એ પણ સંસ્થાકીય સંવાદનો જ એક ભાગ છે. આમ છતાં, પરંતુ બંધારણીય હોદ્દા પર બિરાજમાન વ્યક્તિઓએ તેમાં અવરોધ ઊભો કરવાના બદલે સંવાદ અને સહકારની ભાવનાને પ્રાધાન્ય આપવું જોઈએ. કોર્ટે જણાવ્યું કે રાજ્યપાલ કોઈપણ બિલને મંજૂરી આપવાના હેતુથી તેને અનિશ્ચિત સમય સુધી પેન્ડિંગ રાખી શકે નહીં. જોકે, સાથે જ કોર્ટે સ્પષ્ટતા કરી કે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ જેવા બંધારણીય પદાધિકારીઓ માટે નિર્ણય લેવા માટે સમય-મર્યાદા નક્કી કરવી એ સત્તાઓના વિભાજનના સિદ્ધાંતનું ઉલ્લંઘન ગણાશે. ચીફ જસ્ટિસ બી. આર. ગવઈની અધ્યક્ષતા હેઠળની બેન્ચે તેના અગાઉના ચુકાદાને રદ કર્યો, જેમાં રાજ્યના બિલ પર ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવા માટે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને ફરજ પાડવામાં આવી હતી. કોર્ટના મતે, બંધારણીય પદાધિકારીઓ પર કડક સમય-નિર્ધારણ લાગુ કરવું એ ન્યાયતંત્રના અધિકાર ક્ષેત્રની બહારની બાબત છે.

બંધારણીય બેન્ચે રાજ્યપાલના વિવેકાધીન સત્તાની બંધારણીય સીમાઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, બિલને એકતરફી રીતે રોકી રાખવું એ સંઘવાદનું ઉલ્લંઘન ગણાશે. અનુચ્છેદ ૨૦૦માં નક્કી કરાયેલી પ્રક્રિયાનું પાલન કર્યા વિના જો રાજ્યપાલ વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલને રોકી રાખે, તો તે સંઘીય માળખાના હિતોની વિરુદ્ધ જશે.

### અમે RBI ઑફિસર છીએ, રોકડા જમા કરો

## બેંગલુરુમાં ફિલ્મી સ્ટાઈલમાં રૂપિયા સાત કરોડની લૂંટ

**આ આખી લૂંટની કામગીરી એટલી કાળજીપૂર્વક રીતે કરવામાં આવી હતી કે તેમાં માત્ર અડધો કલાકનો સમય લાગ્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

કર્ણાટકની રાજધાની બેંગલુરુના રસ્તાઓ પર બુધવારે (૧૯મી નવેમ્બર) એક ચોંકાવનારી ઘટના બની હતી. પાંચથી છ જેટલા શખસોએ પોતાની જાતને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા(RBI)ના અધિકારીઓ તરીકે રજૂ કરીને એક બખ્તરબંધ કેશ વાનમાંથી ૭.૧ કરોડ રૂપિયાની માતબર રકમની ચોરી કરી હતી. આ આખી લૂંટની કામગીરી એટલી કાળજીપૂર્વક રીતે કરવામાં આવી હતી કે તેમાં માત્ર અડધો કલાકનો સમય લાગ્યો હતો. અહેવાલો અનુસાર, બુધવારે બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ CMS ઈન્ફો સિસ્ટમ્સની કેશ વાન HDFC બૅન્કથી ત્રણ કેશ બોક્સ લઈને HBR લેઆઉટ તરફ જઈ રહી હતી. જયનગરમાં અશોક પિલર નજીક એક કારે વાનને અચાનક રોકી, જેની પાછળ એક ઈનોવા (MUV) પણ આવી ગઈ. કારમાંથી ત્રણ લોકો બહાર નીકળ્યા અને વાન સ્ટાફ ડ્રાઈવર વિનોદ કુમાર, કસ્ટોડિયન આફતાબ, અને બે બંદૂકધારી રાજન્ના અને તમૈયાને કહ્યું, અમે RBI અધિકારીઓ છીએ. તમારી કંપની પર નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે અને અમારા નિવેદનો લેવાના છે. સ્ટાફે શંકા ન થતાં તેમની રાઈફલો વાનમાં છોડી દીધી અને આરોપીઓ સાથે MUVમાં ચઢી ગયો. મોટી કારમાં આવેલા આરોપીઓએ સ્ટાફને જણાવ્યું કે તેમને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન જવું પડશે અને રોકડ પેટીઓ ઈંઈ ઑફિસમાં લઈ જવામાં આવશે. આરોપીઓએ સ્ટાફને પગપાળા સિદ્ધપુર પોલીસ સ્ટેશન મોકલ્યો. ડ્રાઈવર વિનોદને અલગ સૂચના મળી કે વાન લઈને ડેરી સર્કલ ફ્લાયઓવર પર રાહ જુઓ. ડ્રાઈવર વિનોદ રાહ જોઈ રહ્યો હતો ત્યારે આરોપીઓ ત્યાં પહોંચ્યા, બંદૂક બતાવીને વાનમાંથી રોકડ બોક્સ કાઢ્યા અને નજીકમાં પાર્ક કરેલી અન્ય કારમાં મૂકી દીધા. જે કારમાં તે આવ્યા હતા તે છોડીને આરોપીઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. ડ્રાઈવરને ખ્યાલ ન આવ્યો કે તે અધિકારીઓ નહીં પણ લૂંટારુ હતા.

બેંગલુરુ પોલીસ કમિશ્નર સીમંત કુમાર સિંહે જણાવ્યું હતું કે CMS કંપનીએ ફરિયાદ દાખલ કરવામાં વિલંબ કર્યો, જેના કારણે સમયનો બગાડ થયો. આ કેસની તપાસ માટે આઠ ટીમો તૈયાર કરવામાં આવી છે. એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે MUVના આગળના ભાગમાં ભારત સરકારનો લોગો હતો, જોકે તપાસમાં બહાર આવ્યું છે કે તેની નંબર પ્લેટ પણ નકલી હતી. પોલીસ લૂંટારુઓને પકડવા અને ૭.૧ કરોડ રૂપિયાની રોકડ રિકવર કરવા માટે સઘન તપાસ કરી રહી છે.

## ઓપરેશન સિંદૂર અંગે ટ્રમ્પનો વધુ એક દાવો: મોદીએ મને ફોન કરી કહ્યું કે હવે અમે યુદ્ધ નહીં કરીએ

**અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને રોકવાનો શ્રેય પોતાને આપ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને રોકવાનો શ્રેય પોતાને આપ્યો છે.

સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે યુએસ-સાઉદી ઈન્વેસ્ટમેન્ટ ફોરમમાં બોલતા ટ્રમ્પે દાવો કર્યો કે તેમણે બંને પરમાણુ શક્તિ ધરાવતા દેશો પર ૩૫૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપીને યુદ્ધ ટાળ્યું હતું. ટેરિફની ધમકી આપતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે, ભારત અને પાકિસ્તાન પરમાણુ હથિયાર સાથે લડવાના હતા. મેં કહ્યું, તમે લોકો લડી શકો છો, પણ હું બંને દેશો પર ૩૫૦ ટકા ટેરિફ લાદીશ. અમેરિકા સાથે કોઈ વેપાર થશે નહીં. આ ધમકીના બે



દિવસમાં જ બંને દેશોના નેતાઓએ ફોન પર સંપર્ક કરીને તેમને આવું ન કરવા વિનંતી કરી. પાકિસ્તાનના વડાપ્રધાન (શાહબાઝ શરીફ) એ મને ફોન કરીને લાખો લોકોના જીવ બચાવવા બદલ આભાર પણ માન્યો હતો. ટ્રમ્પે દાવો કર્યો હતો કે, તે આંતરરાષ્ટ્રીય વિવાદો ઉકેલવામાં નિષ્ણાત છે.ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની કથિત વાતચીત અંગે ટ્રમ્પે દાવો કર્યો હતો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મને ફોન કર્યો અને કહ્યું,અમારું કામ પૂર્ણ થયું. મેં કહ્યું, તમારું શું કામ પૂર્ણ થયું? તેમણે જવાબ આપ્યો, અમે યુદ્ધમાં નહીં જઈએ. પછી મેં પીએમ મોદીનો આભાર માન્યો અને કહ્યું, ચાલો એક ડીલ કરીએ.

પોતાના વખાણ કરતા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું કે, કોઈ અન્ય રાષ્ટ્રપતિ આવું નથી કરતા અને તેમણે વેપાર અને ટેરિફ દ્વારા આઠમાંથી પાંચ યુદ્ધો ઉકેલ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પના આ દાવા અંગે ભારત તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. ભૂતકાળમાં પણ ટ્રમ્પે કાશ્મીર મુદ્દે મધ્યસ્થી કરવા અંગે સમાન દાવા કર્યા છે, જેનું ભારતે ખંડન કર્યું હતું.

### રશિયન રાજદૂતનું મોટું નિવેદન

## પશ્ચિમી દેશોની અડચણો છતાં રશિયા ભારત માટે સૌથી મોટું ઓઈલ સપ્લાયર

**પશ્ચિમી દેશ ઈચ્છે છે કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દે : ભારતમાં રશિયાના રાજદૂત**

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

રશિયા અને ભારતના સંબંધોમાં હાલ ખૂબ દબાણનો સામનો કરવો પડી રહ્યો છે. પશ્ચિમી દેશ ઈચ્છે છે કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દે. ભારત રશિયાથી સતત ઓઈલ ખરીદી રહ્યું છે, જેનાથી નારાજ ડોનાલ્ડ ટ્રમ્પ પહેલાથી જ ભારત પર ટેરિફ લગાવી ચૂક્યા છે. પરંતુ આ વચ્ચે ભારતમાં રશિયાના રાજદૂતે મોટું નિવેદન આપ્યું છે. ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ અલિપોવે TASSને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે, રશિયા પશ્ચિમની તમામ અડચણો છતાં ભારત માટે ઓઈલનું સૌથી મોટું સપ્લાયર બનેલું છે. અમે ભારતને ઉર્જા સંસાધનોની ખરીદી માટે સારી-સારી ડીલ આપવા રહેવા તૈયાર છીએ. રશિયાના રાજદૂત રોસનેફ્ટ અને લુકોઈલ જેવી રશિયન ઓઈલ કંપનીઓ પર લાગેલા અમેરિકન પ્રતિબંધોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, રોસનેફ્ટ અને લુકોઈલ પર અમેરિકન પ્રતિબંધ નિશ્ચિત રીતે ઓઈલની સપ્લાયને અસર કરી શકે છે. પરંતુ તેમ છતાં પણ અમારા માટે હંમેશા પ્રાથમિકતા છે. અમે માનીએ છીએ કે રશિયા ભારતનું મુખ્ય ઓઈલ સપ્લાયર્સમાંથી એકનો દરજ્જો જાળવી રાખશે. અલિપોવે રશિયા-ભારત સંબંધો પર પશ્ચિમી દબાણને નકારતા કહ્યું કે, ભારતે રશિયા અને ભારતીય સંબંધોને નબળા કરવા અને મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર પોતાની સ્થિતિને થોપવાના પશ્ચિમી પ્રયાસોનો મજબૂતીથી મુકાબલો કર્યો છે. તેમણે ભાર આપતાં કહ્યું કે, ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને અવગણીને લગાવવામાં આવેલા ગેરકાયદે પ્રતિબંધોને માન્યતા નથી આપતું. તે સ્પષ્ટ રીતે સમજે છે કે એવા પ્રતિબંધ પશ્ચિમી વેપાર અને નાણાકીય પ્રણાલીઓમાં વિશ્વાસને નબળો કરે છે, જેનાથી સ્વતંત્ર અભિનેતા વૈકલ્પિક તંત્રોની શોધખોળ કરવા પ્રેરિત હોય છે. અમે બ્રિક્સ અને SCO જેવા ગઠબંધનોની ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરવામાં આશારૂપી અવસર જોઈએ છીએ.આ ઈન્ટરવ્યુમાં અલિપોવે કહ્યું કે, પ્રતિબંધો છતાં રશિયા અને ભારત વચ્ચે સહયોગના નવા ક્ષેત્રો ખૂલ્યા છે. રશિયન બજાર ભારતીય સીફૂડ અને યુએસ ટેરિફ દબાણનો સામનો કરી રહેલા અન્ય માલ માટે ઉકેલ પૂરો પાડી શકે છે. સંયુક્ત ખાતર ઉત્પાદન માટે સારી તકો છે. ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે આગામી શિખર સંમેલન અંગે ઉત્સાહ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે, આ શિખર સંમેલન બંને દેશો વચ્ચે સહયોગને નવી ઊંચાઈએ લઈ જશે, ખાસ કરીને ઉર્જા, વેપાર અને વૈશ્વિક પડકારોના ક્ષેત્રોમાં. પુતિન-મોદી સમિટ માટે મહત્ત્વાકાંક્ષી યોજનાઓ ચાલી રહી છે.

## NCR સુધી ઝેરીલો સ્મોગ છવાતા સ્થિતિ ચિંતાજનક: દિલ્હીમાં ગેસ ચેમ્બર જેવી હાલત, AQI 400 પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાજધાની દિલ્હી અને નેશનલ કેપિટલ રિજન (NCR)માં પ્રદૂષણની સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. ગુરુવારે (૨૦મી નવેમ્બર) સવારે દિલ્હીમાં ધુમ્મસનું જાડું સ્તર છવાઈ ગયું હતું, જેને કારણે દિલ્હી ગેસ ચેમ્બર જેવી હાલતમાં ફેરવાઈ ગયું છે અને લોકોને શ્વાસ લેવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના આંકડા મુજબ, દિલ્હીના મોટાભાગના વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ગંભીર શ્રેણીમાં પહોંચી ગયો છે. ગુરુવારે સવારે ૭ વાગ્યે દિલ્હીનો સરેરાશ AQI ૩૯૯ નોંધાયો હતો, જે ખૂબ જ ખરાબ શ્રેણીની ટોચ પર છે અને ગંભીર શ્રેણીની નજીક છે. શહેરના કેટલાક વિસ્તારોમાં AQI ૪૫૦ને પાર કરી ગયો હતો, જે અત્યંત જોખમી છે. ગંભીર શ્રેણીમાં AQI પંજાબી બાગ વિસ્તારની આસપાસ ૪૩૯, આનંદ વિહારમાં ૪૨૦, બાવાનામાં ૪૩૮, બુરાડીમાં ૪૧૪, જહાંગીરપુરીમાં ૪૫૧ અને વઝીરપુરમાં ૪૭૭ નોંધવામાં આવ્યો હતો.

### કેનેડા ભાગે તે પહેલા નોની રાણા પકડાયો

## ભારતના વધુ એક મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટરની અમેરિકામાં ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર નોની રાણાની અમેરિકામાં ધરપકડ કરવામાં આવી છે. માહિતી મુજબ, કેનેડા ભાગવાનો પ્રયાસ કરતી વખતે અમેરિકન એજન્સીઓએ તેને નાયગ્રા બોર્ડર નજીકથી પકડ્યો હતો. બોર્ડર વિસ્તારમાં સુરક્ષા તપાસ દરમિયાન જ તે એજન્સીઓના હાથે ઝડપાઈ ગયો હતો. મૂળરૂપે હરિયાણાનો રહેવાસી નોની રાણા કુખ્યાત ગેંગસ્ટર કાલા રાણાનો નાનો ભાઈ છે. પોલીસ અને ઈન્ટેલીજન્સ એજન્સીઓ ઘણા સમયથી તેની શોધમાં હતી અને હવે તેની ધરપકડ પછી, તેના પ્રત્યાર્પણ અને અન્ય કાયદાકીય પ્રક્રિયાઓ શરૂ કરવામાં આવી છે.

સૂત્રોએ જણાવ્યું કે, નોની રાણાને ઝડપથી ભારત લાવવા માટે હરિયાણા પોલીસે કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને અમેરિકન અધિકારીઓનો સંપર્ક કર્યો છે. ટૂંક સમયમાં જ નોની રાણાને ભારત લાવીને તેની પૂછપરછ કરવામાં આવશે. તેની ધરપકડથી ગેંગના વિદેશી ફંડિંગ અને હથિયારોની સપ્લાય ચેન સાથે જોડાયેલા ઘણા મોટા રહસ્યો ખુલી શકે છે.' નોની રાણા લૉરેન્સ બિશ્નોઈ ગેંગનો એક મહત્ત્વપૂર્ણ સભ્ય છે. તાજેતરમાં જ નોની રાણાની અનેક સોશિયલ મીડિયા પોસ્ટ્સ સામે આવી હતી. આ પોસ્ટ્સમાં તેણે લૉરેન્સ ગેંગ દ્વારા હરિયાણામાં કરવામાં આવેલી ઘણી ગુનાહિત ઘટનાઓની જવાબદારી લીધી હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે તે વિદેશમાં રહીને પણ ભારતમાં ગુનાઓને અંજામ અપાવી રહ્યો હતો. નોની રાણા હરિયાણાના યમુનાનગરનો રહેવાસી છે અને તે કુખ્યાત ગેંગસ્ટર કાલા રાણાનો નાનો ભાઈ છે. નોની રાણા બનાવટી પાસપોર્ટનો ઉપયોગ કરીને વિદેશ ભાગી ગયો હતો, જ્યાંથી તે લૉરેન્સ બિશ્નોઈ ગેંગ માટે કામ કરતો હતો.

નોંધનીય છે કે ગઈકાલે (બુધવારે) જ લૉરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈને પણ અમેરિકાથી ડિપોર્ટ કરીને ભારત લાવવામાં આવ્યો હતો. હવે માત્ર ૨૪ કલાકની અંદર ગેંગના વધુ એક મોટા ઓપરેટર નોની રાણાની ધરપકડથી સમગ્ર ગેંગના નેટવર્કને મોટો ફટકો પડ્યો છે.




# તંત્રી લેખ......

## બાંગ્લાદેશ ભારતને ચિંતિત કરે છે, કારણ કે કટ્ટરપંથી શક્તિઓ મજબૂત થઈ રહી છે

જ્યારે બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીનાએ ૨૦૧૦ માં આંતરરાષ્ટ્રીય ગુનાઓ ટ્રિબ્યુનલની સ્થાપના કરી, ત્યારે તેઓ કલ્પના પણ કરી શકતા ન હતા કે ૧૫ વર્ષ પછી, આ જ કોર્ટ તેમને મૃત્યુદંડની સજા ફટકારશે. વડા પ્રધાન હસીનાએ ૧૯૭૧ ના મુક્તિ યુદ્ધના ગુનેગારોને સજા આપવા અને માનવતા વિરુદ્ધના જઘન્ય ગુનાઓના દોષિતોને ન્યાયના કઠેડામાં લાવવા માટે આ ટ્રિબ્યુનલની સ્થાપના કરી હતી. આ જ ટ્રિબ્યુનલે તાજેતરમાં શેખ હસીનાને મૃત્યુદંડની સજા ફટકારી હતી. બાંગ્લાદેશમાં તેમની સામે ઘણા કેસ દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી મોટાભાગના જુલાઈ ૨૦૨૪ ના વિરોધ પ્રદર્શનો સાથે સંબંધિત છે. સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકારોના ઉચ્ચ કમિશનરના કાર્યાલયે હસીનાની મૃત્યુદંડની સજાને અન્યાયી ગણાવી છે. જો કે, એવું પણ કહેવામાં આવ્યું છે કે ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની સજા ગયા વર્ષે વિરોધ પ્રદર્શનોના દમન દરમિયાન કરવામાં આવેલા ગંભીર ઉલ્લંઘનોના પીડિતો માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે ફેબ્રુઆરીમાં હાઈ કમિશનર ઓફિસે પોતાના ફેક્ટ-ફાઈન્ડિંગ રિપોર્ટમાં ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૪માં થયેલી પોલીસ કાર્યવાહીમાં સંડોવણી પણ શોધી કાઢી હતી.

ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના હાલમાં ભારતમાં હોવાથી અને ટ્રિબ્યુનલની કાર્યવાહી વર્તમાન સરકારના વિવેકબુદ્ધિથી હાથ ધરવામાં આવી હોવાથી, તેમની ગેરહાજરીમાં આવો નિર્ણય ટ્રિબ્યુનલની સ્વતંત્રતા પર પ્રશ્નો ઉભા કરે છે અને રાજકીય રીતે પ્રેરિત હોવાનું જણાય છે. આ નિર્ણય એ પણ લગભગ સ્પષ્ટ કરે છે કે શેખ હસીનાનું બાંગ્લાદેશ પરત ફરવું હવે અશક્ય છે. વચગાળાના વહીવટના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસની સરકારે શેખ હસીનાના અવામી લીગ પક્ષ પર પહેલાથી જ પ્રતિબંધ મૂકી દીધો છે, અને હવે હસીનાને મૃત્યુદંડની સજા આપવાના નિર્ણયથી તેમના પાછા ફરવાની બાકી રહેલી આશાઓ ખતમ થઈ જવાની શક્યતા છે. આનાથી બાંગ્લાદેશના ભવિષ્ય વિશે એક નવી ચર્ચા શરૂ થઈ છે. પ્રથમ, આવો નિર્ણય કેટલો વાજબી છે? અને બીજું, બાંગ્લાદેશ દ્વારા હસીનાના પ્રત્યાર્પણની માંગના જવાબમાં ભારતે શું વલણ અપનાવવું જોઈએ? એવી કોઈ શક્યતા નથી કે ભારત શેખ હસીનાને બાંગ્લાદેશને સોંપશે. બાંગ્લાદેશે આ અપેક્ષા રાખવી જોઈએ નહીં, પરંતુ એ પણ ચોક્કસ છે કે તે તેમના પાછા ફરવાની માંગણી ચાલુ રાખશે. આ સંદર્ભમાં, એ વાતને અવગણી શકાય નહીં કે શેખ હસીનાને ઉતાવળે ઢાકાથી દિલ્હી મોકલવામાં આવી હતી, એ જ સેનાએ જે મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારની રચનાને ટેકો આપ્યો હતો.

બાંગ્લાદેશની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, તે દેશના ઈતિહાસમાં એક અલગ પ્રકરણ રજૂ કરે છે. પહેલો પ્રકરણ ૧૯૭૧ના સ્વતંત્રતા ચળવળ, પાકિસ્તાનથી તેના અલગ થવા અને ભારતના અવિશ્વસનીય સમર્થન દ્વારા સર્જાયેલ દૃશ્ય છે. બીજો પ્રકરણ જુલાઈ ૨૦૨૪ના આંદોલનમાંથી ઉદ્ભવે છે, જેનો ઉદ્દેશ્ય બાંગ્લાદેશના રાજકીય પરિદૃશ્યને બદલવાનો હતો. અવામી લીગ અને શેખ હસીના વિના બાંગ્લાદેશની કલ્પના કરવી હજુ પણ મુશ્કેલ છે, પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે તેમની ગેરહાજરી અથવા નબળાઈમાં, બાંગ્લાદેશમાં ચોક્કસ દળો મજબૂત બન્યા. આજકાલ, આવી કટ્ટરવાદી શક્તિઓ મજબૂત થઈ રહી છે, અને તેમાંથી મોટાભાગના પાકિસ્તાન પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે, તે જ પાકિસ્તાન જેણે બાંગ્લાદેશની રચના પહેલાં તેના લોકો પર ભયાનક ત્રાસ ગુજાર્યો હતો. હવે, જ્યારે બાંગ્લાદેશની વસ્તીનો એક મોટો ભાગ તેનો ઈતિહાસ ફરીથી લખવા માટે કટિબદ્ધ છે, અને વચગાળાની સરકાર તેને ટેકો આપી રહી છે, ત્યારે તે અવગણી શકાય નહીં કે શેખ હસીના દ્વારા ૧૯૭૧ના ઈતિહાસનું ચિત્રણ પણ તેમની વિરુદ્ધ ગયું.

બાંગ્લાદેશમાં નવી પેઢી તેના પુરોગામીઓની જેમ ૧૯૭૧ના ઈતિહાસ સાથે જોડાવા માટે અસમર્થ છે, અને વિદેશ નીતિમાં પરિવર્તન સ્વાભાવિક છે. બાંગ્લાદેશમાં ભારત વિરોધી ભાવના નિર્માણ થઈ રહી છે, કદાચ નવી દિલ્હી માટે વર્તમાન સંદર્ભમાં ઢાકા સાથે, તે ઈતિહાસથી આગળ, વાતચીતની શક્યતાઓ શોધવાની તક છે. જોકે, આ એટલું સરળ નથી, કારણ કે બાંગ્લાદેશની ભૂ-વ્યૂહાત્મક સ્થિતિ અને ત્યાં કાર્યરત અસંખ્ય આક્રમક ઉગ્રવાદી જૂથો ભારતની સુરક્ષા વિશે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. તાજેતરના દિલ્હી બોમ્બ વિસ્ફોટો પણ બાંગ્લાદેશ સાથે જોડાયેલા હોય તેવું લાગે છે. વધુમાં, ચીનથી વિપરીત, ભારત બાંગ્લાદેશની બાબતોને ફક્ત આંતરિક મુદ્દા તરીકે નકારી શકે નહીં, કારણ કે ત્યાંથી ઘૂસણખોરો ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતા માટે ખતરો ઉભો કરે છે.

## ગુજરાતમાં સુરતની પ્રથમ BRTS બસ મહિલા ચલાવશે


(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં આજથી મહિલાઓ માટે ખાસ પિંક બસ દોડાવવામાં આવશે. ગુજરાતમાં સુરતની પ્રથમ BRTS બસ મહિલા ચલાવશે. મહિલા ડ્રાઈવરની શોધ ગત ૨૦ મહિનાથી કરવામાં આવી રહી હતી. જે બાદ આ મહિલા ડ્રાઈવર મળ્યા છે. ONGC કોલોનીથી સરથાણા નેચરપાર્ક સુધી આ પિંક બસ સેવા શરૂ કરવામાં આવી છે. પિંક બસના ડ્રાઈવરને ઈન્દોરથી ખાસ બોલાવવામાં આવ્યા છે. ઈન્દોરના નિશા શર્મા ગુજરાતના પહેલા મહિલા બસ ડ્રાઈવર બન્યા છે. નિશા શર્મા ઈન્દોરમાં ૪ વર્ષથી મ્ઈ્જી બસ ચલાવી રહ્યા છે. નિશા શર્માને જોઈ સુરતની મહિલાઓને પ્રેરણા મળશે. પિંક બસ માત્ર મહિલાઓ માટે શરૂ કરવામાં આવી છે, જેને મહિલા ડ્રાઈવર જ ચલાવશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદાના ભાવમાં રૂ.૬૨ની વૃદ્ધિઃ સોનાનો વાયદો રૂ.૨૨૧ અને ચાંદીનો વાયદો રૂ.૧૧૯ નરમ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૬૯૩.૩૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૦૪૪૯૯.૭૯ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૭૫૭.૭૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૯૦૭૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૩૪૧૯૭.૫૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૬૯૩.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૦૪૪૯૯.૭૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૩.૪૧ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૦.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૯૦૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૧૧૫.૬૨ કરોડનું થયું હતું.




કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૭૫૭.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૨૯૫૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૩૨૩૦ અને નીચામાં રૂ.૧૨૨૦૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૩૦૫૧ના આગલા બંધ સામે રૂ.૨૨૧ ઘટી રૂ.૧૨૨૮૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૧૧ ઘટી રૂ.૯૯૬૨૭ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૦ વધી રૂ.૧૨૫૧૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૩ ઘટી રૂ.૧૨૨૬૮૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૩૫૩૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૩૫૩૧ અને નીચામાં રૂ.૧૨૨૨૮૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૩૨૦૫ના આગલા બંધ સામે રૂ.૧૫૫ ઘટી રૂ.૧૨૩૦૫૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૫૬૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૬૬૦૭ અને નીચામાં રૂ.૧૫૩૬૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૫૧૦૭ના આગલા બંધ સામે રૂ.૧૧૯ ઘટી રૂ.૧૫૪૯૮૮ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૪૫ વધી રૂ.૧૫૬૯૦૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૯૮ વધી રૂ.૧૫૬૯૩૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૭૩૬.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૧ વધી રૂ.૧૦૦૩.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત નવેમ્બર વાયદો રૂ.૩.૨૫ વધી રૂ.૩૦૫.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૬૦ પૈસા વધી રૂ.૨૬૫.૨ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો ૪૫ પૈસા ઘટી રૂ.૧૭૯.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૧૪૦.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૨૯૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૯૭૦ અને નીચામાં રૂ.૨૯૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩ ઘટી રૂ.૨૯૨૮ થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૨૫૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૩૪ અને નીચામાં રૂ.૫૨૫૭ના સ્તરને સ્પર્શી, રૂ.૫૨૫૮ના આગલા બંધ સામે રૂ.૬૨ વધી રૂ.૫૩૨૦ થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૬૫ વધી રૂ.૫૩૨૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૪૦૧.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૧.૬ ઘટી રૂ.૪૦૧.૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૧૦.૬ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૯૦૮ થયો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૧૦ ઘટી રૂ.૨૪૯૨૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૫૭૮ના ભાવે ખૂલી, રૂ.૬૧ ઘટી રૂ.૨૫૮૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૮૭૧.૩૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૮૮૬.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૨૨૫.૫૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૪૦.૬૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦.૦૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૪૯.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૭.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૧૮.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૧૪.૧૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૬૭ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૮૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૫.૭૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૮૩૫૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૭૯૧૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૫૯૭૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૫૫૬૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૭૨૧૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૭૬૬૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૨૫૫૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૨૮૮૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૨૬૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૫૬૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૭૪૮ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૯૧૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૯૨૭૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૮૯૯૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૩૦ પોઈન્ટ ઘટી ૨૯૦૭૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૯.૪ વધી રૂ.૧૯૪.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૪૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૬૫ ઘટી રૂ.૨ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૫ ઘટી રૂ.૬૭૨ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૨ ઘટી રૂ.૧૧૭૫.૫ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩ પૈસા ઘટી રૂ.૫.૭ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૧ પૈસા વધી રૂ.૧.૯૭ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૨.૬ ઘટી રૂ.૧૭૧.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૧ ઘટી રૂ.૩ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૧૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮ વધી રૂ.૩૬૭.૫ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૩.૫ વધી રૂ.૧૧૭૦ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૯ પૈસા ઘટી રૂ.૩.૨ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૭૪ પૈસા ઘટી રૂ.૦.૫૬ના ભાવે બોલાયો હતો.

## આબુથી જામનગર લઈ જવાતુ ૯.૫૦ લાખનું MD ડ્રગ્સ ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

ગુજરાતમાં વિદેશી દારુ અને ડ્રગ્સની હેરાફેરીના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યાં છે. બનાસકાંઠામાંથી વિભાજિત થયેલા થરાદમાં ૯.૫૦ લાખના MD ડ્રગ્સ સાથે બે શખ્સો ઝડપાયા છે. આબુથી જામનગર લઈ જવાતું ડ્રગ્સ ખોડા ચેક પોસ્ટ નજીકથી ઝડપાયું હતું. બાઈક પર ડ્રગ્સની હેરાફેરી થતી હતી. પોલીસે ડ્રગ્સ અને બાઈક સહિત ૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.થરાદના એસપી એસ.આર. ભારાઈએ કહ્યું હતું કે, થરાદ પોલીસે ૯.૫૦ લાખના એમડી ડ્રગ્સ સાથે બે શખ્સોને ઝડપી લીધા છે. વાહન ચેકિંગ દરમિયાન આંતર રાજ્ય બોર્ડર પરથી ડ્રગ્સ ઝડપાયું છે. પોલીસે આબુથી જામનગર લઈ જવાતું ડ્રગ્સ ખોડા ચેક પોસ્ટ પરથી ઝડપી પાડ્યું છે. ડ્રગ્સ માફિયાઓ બાઈક પર ડ્રગ્સની હેરાફેરી કરતા હતાં. આરોપીઓ પાસેથી ૯૫ ગ્રામ ડ્રગ્સ અને બાઈક સહિત કૂલ રૂપિયા ૧૦.૦૮ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. પોલીસે મુળ રાજસ્થાનના કિશન ચૌધરી અને ઓસમાન કેરને ડ્રગ્સના જથ્થા સાથે ઝડપીને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડિજિટલ એરેસ્ટ બાદ ગુજરાતમાં આપઘાતનો પહેલો બનાવ

(સંપૂર્ણ સમાચાર સેવા) વડોદરા

ડિજિટલ યુગમાં સાયબર માફિયાઓ અલગ-અલગ પ્રકારે ભોળા માણસો સાથે છેતરપિંડી આચરીને લાખો રૂપિયા પડાવી લેતા હોવાની ઘટના સામે આવતી હોય છે. રોજબરોજ સાયબર ફ્રોડની ફરિયાદો સામે આવતી હોય છે, ત્યારે વડોદરાના એક ખેડૂતને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા. જેમાં આરોપીએ કરોડો રૂપિયાનું ફ્રોડ આચર્યુ હોવાનું કહેતા ખેડૂતે આપઘાત કરીને જીવન ટૂંકાવતા પરિવારમાં શોક છવાયો છે. ડિજિટલ એરેસ્ટ બાદ ગુજરાતમાં આપઘાતનો પહેલો બનાવ સામે આવ્યો છે, ત્યારે ડભોઈ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, વડોદરાના કાયાવરોહણમાં અતુલભાઈ હીરાભાઈ પટેલ(ઉં.વ.૬૫)ને દિલ્હી ATSના નામે ફોન આવ્યો હતો. જેમાં આરોપીઓએ અતુલભાઈને તમારા ખાતામાં ૪૦ કરોડનું ફ્રોડ થયું હોવાનું કહીને ધમકાવ્યા હતા અને એક દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કરી રાખ્યા હતા. આરોપી દ્વારા ધમકાવતા અને સતત દબાણ કરતાં ગત ૧૭ નવેમ્બરના રોજ અતુલભાઈએ ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો.

સમગ્ર મામલે મૃતક ખેડૂતના પરિવારને શંકા જતાં તેમણે અતુલભાઈનો ફોન તપાસ્યો હતો. જેમાં દિલ્હીથી ATSના ઈન્સ્પેક્ટર ગૌરવ ગ્રોવર હોવાનો દાવો કરનાર વ્યક્તિ ૪૦ કરોડના ફ્રોડની ધમકી આપતો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ડરના માર્યા ખેડૂતે આ પગલું ભર્યું હતું. ઘટના અંગે ડભોઈ પોલીસ સ્ટેશનને જાણ કરતાં પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

ખેડૂતો સહિત લોકોની સમસ્યાઓ – રજૂઆતોની ઉંડાણપૂર્વક સમજ કેળવીને તથા સ્થળ મુલાકાત લઈને તાકિદે નિવારણ લાવવા મુખ્યમંત્રીશ્રીની અધિકારીઓને તાકિદ

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ટેક્નોલોજીના ઉપયોગથી ઓનલાઈન જન ફરિયાદ નિવારણના કાર્યક્રમ 'સ્વાગત'માં ગાંધીનગરમાં ઉપસ્થિત રહી જન ફરિયાદોના નિવારણનું માર્ગદર્શન આપ્યુ

ખેડૂતો સહિત લોકોની સમસ્યાઓ – રજૂઆતોની ઉંડાણપૂર્વક સમજ કેળવીને તથા સ્થળ મુલાકાત લઈને તાકિદે નિવારણ લાવવા મુખ્યમંત્રીશ્રીની અધિકારીઓને તાકિદ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોજાયેલા નવેમ્બર માસના રાજ્ય સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણમાં આવેલી રજૂઆતો સંદર્ભમાં સંબંધિત અધિકારીઓને સ્પષ્ટપણે જણાવ્યું કે, ખેડૂતો સહિત લોકોની સમસ્યાઓ– રજૂઆતોની ઉંડાણપૂર્વક સમજ કેળવીને તથા સ્થળ મુલાકાત લઈને તેનું તાકિદે નિવારણ લાવવામાં આવે તે જરૂરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩માં શરૂ કરાવેલો રાજ્ય સ્વાગત કાર્યક્રમ નાગરિકોની સમસ્યાઓને સીધી જ સરકાર સમક્ષ પહોંચાડવાની સાથે સમસ્યાના નિવારણથી લોકોના જીવનમાં હકારાત્મક બદલાવ લાવવાનું અસરકારક માધ્યમ બની રહ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોની સમસ્યાઓને હંમેશાં પ્રાથમિકતા આપી તેમના ત્વરિત નિવારણ માટે પ્રતિબદ્ધતા દાખવી છે તેના ઉદાહરણો નવેમ્બર માસના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં ગુરૂવાર તા. ૨૦ નવેમ્બરે જોવા મળ્યા હતા.

આ રાજ્ય સ્વાગતમાં ૭૦થી વધુ નાગરિકો પોતાની સમસ્યાની રજૂઆત માટે આવ્યા હતા તેમાંથી ૪ જેટલા અરજદારોની રજૂઆતો મુખ્યમંત્રીશ્રીએ રૂબરૂ સાંભળી હતી. આ ઉપરાંત બાકિની રજૂઆતો મુખ્યમંત્રીશ્રી જનસંપર્ક એકમના અધિકારીઓ દ્વારા સાંભળીને સંબંધિત વિભાગો તથા જિલ્લા સ્તરના અધિકારીઓને કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા યોજાયેલા નવેમ્બર માસના જિલ્લા સ્વાગતની ૧૧૫૬ જેટલી રજૂઆતોની નિરાકરણ કાર્યવાહી જિલ્લા કક્ષાએ કરવા માટે જરૂરી પગલા લેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્થાનિક કક્ષાએ તાલુકા અને જિલ્લા સ્વાગતની રજૂઆતો અંગે લેવાયેલા નિર્ણયનું અમલીકરણ અને સઘન મોનિટરીંગ થાય તે માટે જિલ્લા કલેક્ટરશ્રીઓને સુચના આપી હતી. એટલુ જ નહી, જે તાલુકા અને જિલ્લાઓમાં રજૂઆતોની પડતર સંખ્યા વધુ છે તેવા જિલ્લાઓમાં રજૂઆતોનો તાત્કાલિક નિકાલ કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા હતા.

પોરબંદર જિલ્લાના બે ગામના ખેડૂતોએ સુખભાદર નદી પર પુલ બનાવવાની લાંબા સમયની પડતર માંગણી અંગે મુખ્યમંત્રીશ્રી સમક્ષ રાજ્ય સ્વાગતમાં રજૂઆત કરતાં તેમણે ખેડૂતો પ્રત્યે સંવેદના દર્શાવીને આ પુલ મંજૂર કરવા અંગે ત્વરિત કાર્યવાહીની સુચના માર્ગ મકાન સચિવને આપી હતી. પોરબંદરના જ એક રજૂઆત કર્તાને તેના પ્લોટનું નિયત ક્ષેત્રફળ સાથેનું પ્રોપર્ટી કાર્ડ તાત્કાલિક મળે તે માટેની જરૂરી સુચના મુખ્યમંત્રીશ્રીએ પોરબંદર કલેક્ટરને આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ધોલેરા તાલુકાના એક રજૂઆત કર્તાની ખેતીની જમીનમાં ધોલેરા એસ.આઈ.આરની અનામતની ક્ષતિથી સાત બારમાં થયેલી નોંધ દૂર કરવાની કાર્યવાહી સત્વરે હાથ ધરવા પણ અમદાવાદ જિલ્લા કલેક્ટરને જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરના અસાધારણ કમોસમી વરસાદને પગલે ખેડૂતોને થયેલા નુકસાન અંગે રાજ્ય સરકારે જાહેર કરેલી કૃષિ પેકેજ સહાય મેળવવામાં કોઈ ખેડૂતોને મુશ્કેલી ન પડે તે માટે વિશેષ કાળજી રાખવા રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોને દિશાનિર્દેશ આપ્યા હતા. નવેમ્બર-૨૦૨૫ના આ રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, ખાસ ફરજ પરના અધિકારીશ્રીઓ શ્રી ધીરજ પારેખ અને રાકેશ વ્યાસ તથા સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો – અધિકારીઓ જોડાયા હતા.

શાળાએ આવવામાં થયો હતો ૧૦ મિનિટનો વિલંબ

## શિક્ષકે ૧૦૦ ઉઠક-બેઠક સજા આપતા ૧૨ વર્ષની વિદ્યાર્થિનીનું મોત નિપજ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલઘર

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં એક ખાનગી શાળામાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને શાળામાં પહોંચવામાં ૧૦ મિનિટનો વિલંબ થતાં કથિત રીતે ઉઠક-બેઠકની સજા આપવામાં આવી હતી. આ ઘટનાના લગભગ એક અઠવાડિયા પછી આ વિદ્યાર્થિનીનું મોત થઈ ગયું. વિદ્યાર્થિની ૧૨ વર્ષની હતી. આ મામલે હવે પોલીસે ઉઠક-બેઠકની સજા આપનાર શિક્ષિકા મમતા યાદવ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. સારવાર દરમિયાન વિદ્યાર્થિના મોત બાદ પહેલા એડીઆર નોંધવામાં આવ્યુ હતું, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તેના પરિવારની ફરિયાદના આધાર પર હવે શિક્ષિકા વિરુદ્ધ બીએનએસની કલમો હેઠળ ગંભીર ગુનો નોંધવામાં આવ્યો છે. વરિષ્ઠ પોલીસ ઈન્સ્પેક્ટર દિલીપ ઘુગેએ જણાવ્યું કે, ૮ નવેમ્બરના રોજ શિક્ષિકાએ ઘણા બાળકોને મોડા આવવા બદલ ૧૦૦ વખત ઉઠક-બેઠક કરવાની સજા આપી હતી. આ ૧૨ વર્ષની વિદ્યાર્થિની પણ પોતાના ખભા પર બેગ લટકાવીને સજા પૂરી કરે છે. ઘરે પરત ફર્યા પછી છોકરીની તબિયત ઝડપથી બગડતી ગઈ. તેના પરિવારે તેને પહેલા વસઈની એક હોસ્પિટલમાં દાખલ કરી અને પછી જ્યારે તેની તબિયત વધુ ખરાબ થઈ ત્યારે તેને મુંબઈની જેજે હોસ્પિટલમાં રિફર કરવામાં આવી. જ્યાં ઘણા દિવસો સુધી જીવન-મરણ વચ્ચે સંઘર્ષ કર્યા બાદ તેનું મોત થઈ ગયું.

શું છે સમગ્ર મામલો?

- મહારાષ્ટ્રના વસઈમાં ૧૨ વર્ષીય વિદ્યાર્થિના શંકાસ્પદ મૃત્યુથી સ્થાનિક વહીવટીતંત્ર અને શિક્ષણ વિભાગને મુશ્કેલીમાં મૂકી દીધા છે.

- પરિવારના સભ્યોએ શાળાના વહીવટીતંત્ર પર બાળકીને પરેશાન કરવાનો આરોપ લગાવ્યો છે, જેના કારણે બાળકીનું મોત થયું.

- આ ઘટના વસઈ પૂર્વના સાતિવલી સ્થિત શ્રી હનુમાન વિદ્યા મંદિરની છે, જ્યાં શાળાએથી પાછા ફર્યા બાદ ધોરણ ૬માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીની તબિયત અચાનક ખરાબ થઈ ગઈ હતી.

- આ ઘટના ૮ નવેમ્બરના રોજ બની હોવાની માહિતી મળી રહી છે. તે દિવસે વિદ્યાર્થિની શાળાએ થોડી મોડી પહોંચી હતી, જેના કારણે શિક્ષિકાએ તેને અને કેટલાક અન્ય વિદ્યાર્થીઓને પોતાની સ્કૂલ બેગ સાથે ૧૦૦ ઉઠક-બેઠક કરવાની સજા આપી હતી.

- વિદ્યાર્થિનીના મોત બાદ પરિવારે સ્કૂલ મેનેજમેન્ટ અને શિક્ષિકા પર ગંભીર આરોપો લગાવતા દાવો કર્યો કે સજાને કારણે જ અમારી પુત્રીનું મોત થયું છે. તેઓ આ મામલે કડક કાર્યવાહીની માગ કરી રહ્યા છે.

વિદ્યાર્થિનીની માતાએ જણાવ્યું કે, 'મારી દીકરી શાળામાં મોડી પહોંચી હતી, તેથી તેણે અન્ય કેટલાક વિદ્યાર્થીઓ સાથે ખભા પર બેગ લટકાવીને ઉઠક-બેઠક કરવી પડી. મારી દીકરીએ અમને એ નથી જણાવ્યું કે, તેણે કેટલી ઉઠક-બેઠક કરવી પડી. પરંતુ બાળકોના કહેવા પ્રમાણે કેટલાકે ૧૦૦, કેટલાકે ૫૦ અને કેટલાકે ૬૦ ઉઠક-બેઠક કરી હતી. મારી દીકરીએ પણ એવું જ કર્યું. જ્યારે મારી દીકરી સાંજે ૫:૦૦ વાગ્યે ઘરે આવી ત્યારે તેણે કહ્યું કે તેને પીઠમાં દુઃખાવો થઈ રહ્યો છે. જ્યારે મેં તેને પૂછ્યું, ત્યારે તેણે મને કહ્યું કે શું થયું હતું. ત્યારથી તેની સમસ્યાઓ વધતી ગઈ અને અંતે તેનું મોત થઈ ગયું. અમે પહેલા તેને આસ્થા હોસ્પિટલમાં દાખલ કરી જ્યાં ડોક્ટરોએ કહ્યું કે, અમે તેને દવા આપી રહ્યા છે, અને તે ઉઠક-બેઠકના કારણે ગભરાઈ ગઈ હતી. તેમણે મને એમ પણ કહ્યું કે તેની પીઠ જકડાઈ ગઈ છે અને તેને બીજી કોઈ બીમારી નથી.'


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# રેલવે મેજિસ્ટ્રેટની હાજરીમાં ટ્રેનમાં અચાનક ટિકિટ તપાસ, ૧૬૧ વગર ટિકિટના મુસાફરો પાસેથી દંડ સ્વરૂપે ૫૦ હજાર થી વધુની રાશિ વસૂલવામાં આવી

વડોદરા મંડળ તેના સમ્માનીય મુસાફરોને માન્ય ટિકિટ સાથે મુસાફરી કરવાની અપીલ કરે છે અને ટિકિટ વિના મુસાફરીને રોકવા માટે સમયાંતરે વિવિધ ઝુંબેશ ચલાવે છે. મંડળના વાણિજ્ય દ્વારા અમદાવાદથી એકતાનગર જતી જન શતાબ્દી એક્સપ્રેસમાં તાજેતરમાં જ રેલવે મેજિસ્ટ્રેટની હાજરીમાં ઓચિંતી ટિકિટ તપાસ હાથ ધરી હતી, જે અંતર્ગત ૧૬૧ મુસાફરો ને વગર ટિકિટ ના મળી આવ્યા હતા અને તેમની પાસેથી ૫૦,૦૦૦ રૂપિયાથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો હતો, જે અત્યાર સુધીની રેલવે મેજિસ્ટ્રેટની હાજરીમાં ચેકિંગમાં અત્યાર સુધીની સૌથી વધુ આવક છે. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર ૧૯ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ અમદાવાદ થી એકતાનગર જવાવાળી જનશતાબ્દી એક્સપ્રેસમાં મુસાફરો દ્વારા અનિયમિત એટલે વગર ટિકિટ ના મુસાફરીને રોકવા માટે વડોદરા મંડળના વાણિજ્ય વિભાગ દ્વારા રેલવે મેજિસ્ટ્રેટની હાજરીમાં ઓચિંતી ટિકિટ તપાસ હાથ ધરી હતી. ટિકિટ તપાસ ટીમમાં મુખ્ય ટિકિટ નિરીક્ષકો શ્રી પીકે ઝા, શ્રી રોશન લાલ, શ્રી એમએસ ચૌહાણ, અને ૯૫ મુખ્ય ટિકિટ નિરીક્ષક શ્રી તેજકરણ અને મુખ્ય ટિકિટ કલેક્ટર શ્રી એ.કે. સિંહે ભાગ લીધો હતો અને મુસાફરો દ્વારા વગર ટિકિટ મુસાફરીના કેસ પકડવામાં આવ્યા હતા. આ ઓચિંતી તપાસ દરમિયાન ૧૬૧ મુસાફરોને વગર ટિકિટના મળી આવ્યા હતા અને તેમની પાસેથી ૫૦,૦૦૦ રૂપિયાથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો હતો, જે અત્યાર સુધીની રેલવે મેજિસ્ટ્રેટની હાજરીમાં કરવામાં આવેલી તપાસમાં અત્યાર સુધીનો સૌથી વધુ આવક છે.

આ સિદ્ધિઓ પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ ના માધ્યમ થી વગર ટિકિટ મુસાફરીને રોકવા અને મુસાફરોના અનુશાસન ને પ્રોત્સાહન આપવા વડોદરા મંડળના સતત પ્રયાસોને દર્શાવે છે.

# પાવર કટ ની ફરીયાદો હવે ભુતકાળ બની જશે : ૨૪ x ૭ પાવર કટ દુર કરવા સરકાર સજ્જ : ઉર્જા મંત્રી કૌશિક વેકરીયા

**રાજયની તમામ વીજ કંપનીઓને આ સેવામાં આવરી લેવાશે : માત્ર એક જ નંબર પર કોલ કરીને વિજળીની સમસ્યા સીધી ફીલ્ડ સ્ટાફ સુધી પહોચાડી શકાશે**

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગુજરાતના ઉર્જા અને પેટ્રો કેમિકલ વિભાગે રાજયભરમાં વિજળીની સપ્લાય કરતી કંપનીઓ માટે એક નવી ૨૪ x ૭ ફોલ્ટ હેલ્પલાઈન લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ હેલ્પલાઈન અમદાવાદ અને સુરત સિવાય રાજયના અન્ય તમામ વિસ્તારોમાં વિજળીની ખામીઓને ઝડપથી ઉકેલવા માટે બનાવવામાં આવી છે. આ સિસ્ટમથી ગ્રામીણ વિસ્તારોમાં રહેતા ખેડુતો અને સામાન્ય નાગરીકોને તેમની ફરીયાદો નોંધાવવામાં અને તેનો ઉકેલ મેળવવામાં ઘણી સરળતા મળશે, હવે માત્ર એક જ નંબર પર કોલ કરીને તમારી વિજળીની સમસ્યા સીધી ફીલ્ડ સ્ટાફ સુધી પહોચી જશે.

ઉર્જા અને પેટ્રો કેમીકલ વિભાગના રાજય મંત્રી કૌશિક વેકરીયાએ આ નવી વ્યવસ્થા વિશે વાત કરતા કહ્યુ હતુ કે ગામડાઓમાં વિજળીની કોઈ ખામી આવે તો ખેડુતો કે ગ્રામ વાસીઓને તેમની ફરીયાદ નોંધાવવામાં અને સમસ્યા હલ કરાવવામાં ઘણી મુશ્કેલી પડે છે. આથી વિભાગે પીજીવીસીએલ, એમજીવીસીએલ, યુજીવીસીએલ જેવી તમામ વીજ કંપનીઓ માટે એક જ હેલ્પલાઈન નંબરની યોજના બનાવી છે. કોઈપણ ખેડુત કે નાગરીક આ નંબર પર કોલ કરશે તો તેમનો રજીસ્ટર્ડ મોબાઈલ નંબર કે સર્વિસ નંબર થી તેમની વિગતો આપમેળે મળી જશે. ફરીયાદ કેન્દ્રીય રીતે નોંધાશે અને કેન્દ્રીય કચેરીને મળતા જ તમામ સંબંધીત અધિકારીઓ અને ફીલ્ડના તકનીકી કર્મચારીઓને ખામીની તમામ વિગતો મળી જશે. ગુજરાતના ઘણા ગામડાઓમાં વિજળીની ખામીઓને કારણે ખેડુતોને તેમના કૃષિ કામોમાં મુશ્કેલી પડે છે.

જેમ કે વાવણીના સમયે પમ્પીંગ મશીન ચાલે તો વિજળી જતા આખુ કૃષિ કાર્ય અટકી જાય છે, અગાઉ ગ્રાહકોને વિવિધ કંપનીઓના અલગ અલગ નંબર ઉપર કોલ કરવા પડતા, અને કયારેક તો ફરીયાદ નોંધાતી પણ ન હતી , પરંતુ આ નવી હેલ્પ લાઈન થી તમામ સમસ્યાઓનો એક જ માર્ગે ઉકેલ આવશે. વિભાગના અધિકારીઓ કહે છે કે આ વ્યવસ્થા શરૂ થતા જ રાજયમાં વિજળીની સપ્લાય વધુ વિશ્વસનીય બનશે અને ગ્રાહકોને સંતોષ વધશે. આ હેલ્પ લાઈન ઉપરાંત વિભાગ ફરીયાદોના ડેટાના આધારે વીજ સંસ્થાઓમાં સુધારા કરવાનુ પણ આયોજન કરી રહ્યુ છે. જો કોઈ વિસ્તારમા વારંવાર ખામીઓ આવે તો તેનુ કારણ જાણીને તેને રોકવાના પગલા લેવાશે. મંત્રી વેકરીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે આ પગલુ ગુજરાતને વિજળીમાં આગળના રાજયોમાં ઘણાવવા માટે મહત્વનુ છે.

આ નવી વ્યવસ્થા વીજ કંપનીઓ વચ્ચે કામગીરીને વધુ સરળ અને એક સમાન બનાવશે, વર્તમાનમા ગુજરાતમાં ૨ કરોડથી વધુ વિજળીના ગ્રાહકો છે અને તેમની ફરીયાદોને ઝડપથી હલ કરવા માટે આવી કેન્દ્રીય સેવાની જરૂરીયાત લાંબા સમયથી અનુભવાતી હતી. મંત્રી વેકરીયાએ વધુમાં કહ્યુ હતુ કે આ હેલ્પ લાઈન સેવાથી ગ્રાહકોની ફરીયાદોનુ રેકોર્ડ રાખવુ સરળ બનશે અને નીતીઓમાં જરૂરી સુધારા કરવા પણ મદદ મળશે. આથી રાજયના દરેક વિસ્તારમા વિજળીની સેવા વધુ સારી થશે.

આ હેલ્પલાઈન કેવી રીતે કામ કરશે તે જોઈએ તો એક જ નંબર ગ્રાહકોને અલગ અલગ કંપનીઓના નંબર યાદ રાખવાની જરૂર નહી પડે, માત્ર એક કોલ થી તમામ કંપનીઓની સેવા મળશે, ફરીયાદ આપતા જ તે સીધી તે વિસ્તારના ફીલ્ડ સ્ટાફને મોકલાશે, જેથી વિજળીની ખામી તુરંત ઠીક થઈ શકે. ગ્રાહકનો મોબાઈલ નંબર કે કનેકશન નંબર થી ગ્રાહકનુ એડ્રેસ, કનેકશનની વિગતો આપ મેળે મળી જશે, આથી વધુ વિગતો આપવાની મુશ્કેલી નહી પડે. દિવસ રાત કોઈપણ સમયે કોલ કરી શકાશે, ખાસ કરીને રાત્રે અથવા તહેવારોમાં વિજળી જાય તો તાત્કાલીક મદદ મળશે.

# મહાપ્રબંધક પશ્ચિમ રેલવેના અમદાવાદ અને વડોદરા ક્ષેત્રાધિકારના માનનીય સાંસદો સાથે બેઠકનું આયોજન

પશ્ચિમ રેલવે દ્વારા જનપ્રતિનિધિઓ સાથે સંકલન અને સંવાદને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પહેલ હેઠળ ૨૧ નવેમ્બર ૨૦૨૫ ના રોજ અમદાવાદ અને વડોદરા મંડળના અધિકારક્ષેત્ર હેઠળ આવતા માનનીય સાંસદો સાથે મહાપ્રબંધક પશ્ચિમ રેલવેના શ્રી વિવેક કુમાર ગુપ્તાની એક બેઠક નું આયોજન અમદાવાદના સ્થિત સર્કિટ હાઉસ ખાતે યોજવામાં રહી છે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય બંને મંડળોમાં ચાલી રહેલા મુસાફરોની સુવિધાઓના અપગ્રેડેશન, અને પ્રસ્તાવિત પ્રોજેક્ટ્સ, ઈન્ફ્રાસ્ટ્રચર વિકાસ અને જનપ્રતિનિધિઓના સૂચનો પર અર્થપૂર્ણ સંવાદ સ્થાપિત કરવાનો છે.

આ બેઠકમાં અમદાવાદ અને વડોદરા મંડળોમાં પ્રગતિ પર ચાલી રહેલી વિવિધ નવી મુસાફરી સુવિધાઓ અને વિકાસલક્ષી સિદ્ધિઓ વિશે વિગતવાર માહિતી શેર કરવામાં આવશે. આ દરમિયાન પ્રેઝેન્ટેશન ના માધ્યમથી અમદાવાદ મંડળ પર દિવાળી અને છઠ પૂજા ના દરમિયાન હાથ ધરવામાં આવેલા ઉત્તમ ભીડ વ્યવસ્થાપન પ્રયાસો અને મંડળ પર ચાલી રહેલા વિવિધ રેલ પ્રોજેક્ટ્સ જેમ કે નવી રેલ લાઇન, નવી ટ્રેન સેવાઓ, મુખ્ય પુનર્વિકાસ સ્ટેશનો (ભુજ, અમદાવાદ, સાબરમતી), અને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકાસ કરવામાં આવી રહેલા ૧૬ અન્ય સ્ટેશનો ની પ્રગતિ ની સમીક્ષા કરવામાં આવશે. સાથે રેલ સુવિધાઓ, પ્રોજેક્ટ્સ, નવા ટ્રેન સ્ટોપેજ, ટ્રેન વિસ્તાર, ફેરા વધારવા અને અન્ય માળખાગત જરૂરિયાતોને લગતા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે અને જનપ્રતિનિધિઓ પાસેથી સૂચનો મંગાવવામાં આવશે.

આ બેઠકમાં માનનીય સાંસદોમાં શ્રી હસમુખભાઈ પટેલ (અમદાવાદ પૂર્વ), શ્રી દિનેશભાઈ મકવાણા (અમદાવાદ પશ્ચિમ), શ્રીમતી શોભનાબેન બારૈયા (સાબરકાંઠા), શ્રી ભરતસિંહજી ડાભી (પાટણ), શ્રી મિતેશભાઈ પટેલ (આણંદ), શ્રી જશુભાઈ રાઠવા (છોટા ઉદેપુર), શ્રીમતી અનિતા ચૌહાણ (રતલામ), શ્રી નરહરી અમીન (રાજ્યસભા) અને શ્રી મયંકભાઈ નાયક (રાજ્યસભા) ઉપસ્થિત રહેશે

રેલવે પ્રશાસન તરફથી મહાપ્રબંધક પશ્ચિમ રેલવે શ્રી વિવેક કુમાર ગુપ્તા, મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી વેદ પ્રકાશ, મંડળ રેલ પ્રબંધક વડોદરા શ્રી રાજુ ભડકે, પશ્ચિમ રેલવે મુખ્યાલય થી આવેલ મુખ્ય મુખ્ય રેલ અધિકાર, RLDA અને બંને મંડળોના વરિષ્ઠ અધિકારીઓ બેઠકમાં હાજર રહેશે.

આ પહેલ જનપ્રતિનિધિઓ સાથે ભાગીદારી અને સહયોગ વધારીને રેલ સુવિધાઓના અપગ્રેડેશન, મુસાફરોની સુવિધાઓના વિસ્તરણ અને પ્રાદેશિક વિકાસને નવી ગતિ આપશે.

## VGRC કચ્છ અને સૌરાષ્ટ્રને ઔદ્યોગિક અને સાંસ્કૃતિક વિકાસના ઉભરતા કેન્દ્રો તરીકે પ્રદર્શિત કરશે

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ દ્વારા કચ્છ અને સૌરાષ્ટ્રમાં રોકાણને વેગ મળશે

**VGRC સિરામિક્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લૉજિસ્ટિક્સ, મત્સ્યોદ્યોગ, પેટ્રૉકેમિકલ્સ, કૃષિ અને ફુડ પ્રોસેસિંગ, ગ્રીન એનર્જી અને પ્રવાસન ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે**

કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે યોજાનારી દ્વિતીય વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સમાં (VGRC) કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઝડપથી વિકસી રહેલી આર્થિક, ઔદ્યોગિક અને સાંસ્કૃતિક તકોને રજૂ કરવામાં આવશે. VGRCના લીધે આ પ્રદેશોમાં રોકાણ ઝડપથી વધી રહ્યું છે, જે ગુજરાતને મજબૂત, સમાવિષ્ટ અને ટકાઉ વિકાસ તરફ આગળ વધવામાં મદદ કરશે.

આ કૉન્ફરન્સમાં સિરામિક્સ, એન્જિનિયરિંગ, બંદરો, લૉજિસ્ટિક્સ, મત્સ્યોદ્યોગ, પેટ્રૉકેમિકલ્સ, કૃષિ અને ફુડ પ્રોસેસિંગ, ખનિજો, ગ્રીન એનર્જી, કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ્સ, MSME, પ્રવાસન અને સંસ્કૃતિ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં વિકાસની તકોને પ્રકાશિત કરવામાં આવશે.

નીતિગત સહયોગ અને વ્યૂહાત્મક ભાગીદારી સાથે આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ઔદ્યોગિક વિકાસને ઝડપી બનાવવાની સાથે ગુજરાતના સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં નાગરિકોને સુધી મહત્તમ લાભ પહોંચાડવાનો છે.

કચ્છ

ભારતનો સૌથી મોટો જિલ્લો કચ્છ મજબૂત માળખાગત સુવિધાઓ અને બંદરોની કનેક્ટિવિટી સાથે એક મુખ્ય ઔદ્યોગિક અને વેપાર કેન્દ્ર છે. ભારતના બે સૌથી મોટા બંદરો - કંડલા અને મુન્દ્રાના લીધે વૈશ્વિક



વ્યાપાર માટે કચ્છ એક મુખ્ય પ્રવેશદ્વાર છે. આ જિલ્લામાં પશુપાલન આજીવિકા માટે બીજો સૌથી મોટો સ્ત્રોત છે અને સાથોસાથ અહીં સમૃદ્ધ ઔદ્યોગિક ક્ષેત્રો અને પ્રવાસન સ્થળો છે. આ તમામ પાસાઓના લીધે પેટ્રોકેમિકલ્સ, ૩૨ GW નવીનીકરણીય ઉર્જા, લૉજિસ્ટિક્સ અને એગ્રો પ્રોસેસિંગ ક્ષેત્રોમાં રોકાણ માટે કચ્છ એક મહત્વપૂર્ણ કેન્દ્ર બન્યું છે.

મોરબી

મોરબીને "ભારતની સિરામિક રાજધાની" તરીકે ઓળખવામાં આવે છે. ૯૦૦ થી વધુ સિરામિક ઉત્પાદન એકમો ટાઇલ્સ, સેનિટરીવેર અને વિટ્રિફાઇડ ઉત્પાદનો બનાવે છે, જેનું ભારતીય અને આંતરરાષ્ટ્રીય બજારોમાં નોંધપાત્ર યોગદાન છે.

જામનગર

જામનગરને "ભારતનું પિત્તળનું શહેર" તરીકે ઓળખવામાં આવે છે, જ્યાં ૧૫,૦૦૦ થી વધુ એકમો પિત્તળની કામગીરી સાથે સંકળાયેલા છે. ઓદ્યોગિક ક્ષેત્ર સિવાય અહીં કેરી, જામફળ અને દાડમ જેવા ઉચ્ચ-મૂલ્યવાળા ફળોનું પણ સારું ઉત્પાદન થવાથી કૃષિ આધારિત ઉદ્યોગોનો પણ વિકાસ થયો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની એશિયાની સૌથી મોટી પેટ્રોલિયમ રિફાઈનરી અહીં સ્થિત છે.

રાજકોટ

રાજકોટ ગુજરાતનો ત્રીજો સૌથી મોટો જિલ્લો છે, જે મશીન ટૂલ્સ ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર છે. સમગ્ર દેશમાં અહીંથી મશીનરીને સપ્લાય કરવામાં આવે છે અને નવીનતા અને ઉદ્યોગસાહસિકતાથી MSMEs અહીં મોટાપાયે વિકસિત થયા છે. રાજકોટની બાંધણી, અજરખ અને અહીંનું લોક સંગીત પ્રવાસન અને હસ્તકલા ક્ષેત્રોને મજબૂતી આપે છે.

પોરબંદર અને દેવભૂમિ દ્વારકા

મહાત્મા ગાંધીનું જન્મસ્થળ પોરબંદર મત્સ્યોદ્યોગ, ખનિજ પ્રોસેસિંગ અને હસ્તકલા ક્ષેત્રોમાં જાણીતું સ્થળ છે. ભારતનો સૌથી મોટો કાસ્ટિક સોડા પ્લાનટ પણ પોરબંદરમાં સ્થિત છે. ભગવાન કૃષ્ણની કર્મભૂમિ એવા દેવભૂમિ દ્વારકામાં મીઠાપુર ખાતે ટાટા કેમિકલ્સનો પ્લાન્ટ સ્થિત છે જે ભારતમાં સોડા એશના ઉત્પાદનમાં અગ્રણી છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર માટે ઓખા બંદરની સુવિધા મત્સ્ય ઉત્પાદનો, ખનિજ અને મીઠાના વ્યવસાયને સહયોગ પૂરો પાડે છે.

ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર

ભાવનગર ડુંગળીના ઉત્પાદનમાં ભારતમાં અગ્રેસર છે અને અલંગમાં વિશ્વનું સૌથી મોટું શિપબ્રેકિંગ યાર્ડ છે. બોટાદ એક નવા ઔદ્યોગિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસી રહ્યું છે. સુરેન્દ્રનગર કપાસ, વરિયાળી અને મીઠાના ઉત્પાદનમાં અગ્રેસર છે અને પરંપરાગત બાંધણી અને ટાંગલિયા વણાટ માટે પ્રખ્યાત છે.

જૂનાગઢ અને ગીર સોમનાથ

આ જિલ્લાઓમાં ઈકોલોજી, અર્થવ્યવસ્થા અને સંસ્કૃતિનો સમન્વય છે. સમૃદ્ધ એગ્રો પ્રોસેસિંગના ઉદ્યોગો, ગીર અભ્યારણ્ય, ગિરનાર પર્વત અને વ્યાપક બાગાયતી ઉત્પાદનથી આ જિલ્લાઓ કૃષિ, ફુડ પ્રોસેસિંગ અને ઈકો-ટુરિઝમ ક્ષેત્રમાં વ્યાપક સંભાવનાઓ પ્રસ્તૂત કરે છે.

અમરેલી

અમરેલીમાં ભારતનું પ્રથમ ખાનગી બંદર પીપાવાવ છે જે રાષ્ટ્રીય અને વૈશ્વિક બજારો માટે બલ્ક અને કન્ટેનર કાર્ગોનું સંચાલન કરે છે. આ જિલ્લો કૃષિ અને ફુડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં એક વિકસી રહેલું કેન્દ્ર છે અને સિમેન્ટ ઉદ્યોગથી પણ રોજગારની તકો ઉત્પન્ન કરે છે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ પ્રાદેશિક વિકાસને વેગ આપવા અને રોકાણો આકર્ષવા માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ કૉન્ફરન્સ ૮-૯ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ રાજકોટમાં યોજાશે. લાંબા ગાળાના ઔદ્યોગિક આયોજન તેમજ કૌશલ્ય અને નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરીને, સૌરાષ્ટ્ર અને કચ્છના ક્ષેત્રો વિકસિત ગુજરાત – વિકસિત ભારત @૨૦૪૭ના વિઝન માટે મહત્વપૂર્ણ આધાર બની રહ્યા છે.

# કલોલ સ્ટેશનનો ઝડપી પુનર્વિકાસ ચાલી રહ્યો છે

**શહેરના બંને છેડા અને તમામ પ્લેટફોર્મને જોડતા ૪૦ ફૂટ પહોળા ફૂટ ઓવર બ્રિજના નિર્માણથી મુસાફરોની અવરજવર વધુ સરળ બનશે**





પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના કલોલ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ઝડપ થી કરવામાં આવી રહ્યો છે. આશરે રૂા.૪૪.૨૨ કરોડના ખર્ચે થી આ સ્ટેશનને આધુનિક, સુરક્ષિત, સુગમ અને આકર્ષક દેખાવ આપવામાં આવી રહ્યો છે. પુનર્વિકાસના હેઠળ સ્ટેશન બિલ્ડિંગમાં અપગ્રેડ, એક નવો પ્રવેશદ્વાર અને પોર્ચ, ભવ્ય ફસાડ, વિસ્તૃત સર્ક્યુલેટિંગ વિસ્તાર અને પાર્કિંગ સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. સ્ટેશન પરિસરને સૌંદર્યકરણ હેતુ આકર્ષક ભીંતચિત્રો (Murals) પણ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

સ્ટેશનને આધુનિક અને સુવ્યવસ્થિત બનાવવા ઉદ્દેશ્ય થી ૭૦ અને ૮૦ ચોરસ ફૂટ પહોળા બે નવા પ્રવેશદ્વાર અને સમાન કદના બે બહાર નીકળવાના દરવાજા વિકસિત કરવામાં આવી રહ્યા છે, જેથી મુસાફરોની અવરજવર વધુ અનુકૂળ થશે. આની સાથે જ આશરે ૧૪,૦૦૦ ચોરસ ફૂટની જગ્યા ધરાવતી સ્ટેશન ઈમારતનું આધુનિક ધોરણો અનુસાર નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. પ્લેટફોર્મ પર વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા માટે આશરે ૨૦,૦૦૦ ચોરસ ફૂટનો કવર શેડ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જ્યારે ૨,૩૭૦ ચોરસ ફૂટનો વિશાળ વેઈટિંગ હોલ મુસાફરો માટે આરામદાયક વાતાવરણ પૂરું પાડશે.

સ્ટેશન પરિસરમાં વાહનોની પાર્કિંગ ક્ષમતા વધારવા માટે ૧૮,૭૫૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ૫૫ ફોર-વ્હીલર અને ૧૧૦ ટુ-વ્હીલર માટે સુવ્યવસ્થિત પાર્કિંગ જગ્યા વિકસિત કરવામાં આવી રહી છે. વધુમાં મુસાફરોની સલામત અને સરળ અવરજવર સુનિશ્ચિત કરવા માટે, આશરે ૭,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તાર ધરાવતો ૪૦ ફૂટ પહોળો અને ૧૭૩ ફૂટ લાંબો ફૂટ ઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યો છે, જે શહેરના બંને છેડા અને બધા પ્લેટફોર્મને જોડતા સુગમ કનેક્ટિવિટી પ્રદાન કરશે. પ્લેટફોર્મ વિસ્તાર, કવર શેડ અને બીજા પ્રવેશદ્વારનો વિકાસ કાર્ય પણ સમાન્તર રૂપ થી કરવામાં આવી રહ્યો છે.

પુનર્વિકાસ ના કાર્ય હેઠળ કેટલાક મોટા કર્યો પૂર્ણ થઈ ગયા છે. જુના સ્ટેશન ભવનને હટાવ્યા પછી બુકિંગ ઓફિસ, વેઈટિંગ હોલ અને પેનલ રૂમને અસ્થાયી રૂપે સ્થાનાંતરિત કરવામાં આવ્યા છે. નવા મુખ્ય ભાવનાનો પાયો, પ્રથમ અને બીજા માળનું RCC કાર્ય પૂર્ણ થઈ ગયું છે. પ્લાસ્ટર, ટાઈલ્સ અને ફસાડ ક્લેડીંગ નું કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને અન્ય ફીનીશિંગ કાર્ય ચાલી રહ્યું છે. સ્કાયવોક અને લિફ્ટનું નિર્માણ નું કાર્ય પણ શરૂ થઈ ગયું છે.

હાલમાં દરરોજ આશરે ૨,૦૦૦ મુસાફરો કલોલ સ્ટેશનનો ઉપયોગ કરે છે, અને ૨૪ ટ્રેનો નિયમિતપણે ત્યાં ઉભી રહે છે. મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને તાજેતરમાં ચાર મુખ્ય ટ્રેનો ના સ્ટોપેજ ને પણ મંજૂર કરવામાં આવ્યા છે, જેમાં શામેલ છે:

- ટ્રેન નંબર ૨૦૯૫૯/૬૦ વલસાડ-વડનગર એક્સપ્રેસ
- ટ્રેન નંબર ૧૬૫૦૭/૦૮ જોધપુર-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ
- ટ્રેન નંબર ૧૫૨૬૯/૭૦ મુઝફ્ફરપુર-સાબરમતી એક્સપ્રેસ
- ટ્રેન નંબર ૧૨૨૧૫/૧૬ દિલ્હી સરાઈ રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ

આ ચાર ટ્રેનોના સ્ટોપેજથી સ્થાનિક મુસાફરોને વિવિધ દિશામાં મુસાફરીના વધુ વિકલ્પો મળશે, જેનાથી અવરજવર વધારે સુલભ અને અનુકૂળ બનશે. આનો સીધો લાભ વ્યવસાય, રોજગાર, શિક્ષણ અને તબીબી હેતુઓ માટે મુસાફરી કરનારાઓને થશે.

ભવિષ્યની જરૂરિયાતો અને વિસ્તારની વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીને, કલોલ સ્ટેશનને દરરોજ આશરે ૪૦,૦૦૦ મુસાફરોની અવરજવરને સંભાળવાની ક્ષમતાને સમાવવા માટે તેને વિકસિત કરવામાં આવી રહ્યું છે.

સ્ટેશનના પુનઃવિકાસ કર્યો થી મુસાફરોની સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે જ, પરંતુ કનેક્ટિવિટીમાં સુધારો થવાથી સ્થાનિક સમુદાયને પણ ફાયદો થશે.

કલોલ સ્ટેશનનો આ પુનર્વિકાસ ન માત્ર મુસાફરોના અનુભવને બેહતર બનાવશે પરંતુ આધુનિક રેલ અવસંરચના ના માધ્યમથી પ્રાદેશિક વિકાસને નવી ગતિ પણ આપશે. પુનર્વિકાસિત કલોલ સ્ટેશન આવનારા સમયમાં કલોલ અને આસપાસના વિસ્તારો માટે સ્માર્ટ, સુગમ અને આધુનિક રેલ પરિવહન માટેનું મુખ્ય કેન્દ્ર બનશે.

## ખનીજ માફિયાના ત્રાસનો એક ચોંકાવનારો કિસ્સો

# જમીનની માથાકૂટમાં એકસાથે ત્રણ ભાઈઓએ ઝેરી દવા પીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

મોરબી જિલ્લામાં ખનીજ માફિયાના ત્રાસનો એક ચોંકાવનારો કિસ્સો હાલ સામે આવી રહ્યો છે. વાંકાનેરના મહિકા ગામે એક જ પરિવારના ત્રણ કૌટુંબિક ભાઈઓએ એકસાથે ઝેરી દવા ગટગટાવીને આપઘાતનો પ્રયાસ કર્યો છે, જેમાંથી એક ભાઈએ તો હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ પણ તોડ્યો છે, ત્યારે પોલીસે આ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ તપાસ શરૂ કરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, ખનીજ માફિયાના ત્રાસનો ચોંકાવનારો કિસ્સો મોરબી વાંકાનેરના મહિકા ગામેથી સામે આવ્યો છે. ગામમાં રહેતા યશ હરિશભાઈ બાંભણીયા (ઉ. ૨૦ વર્ષ), કલ્પેશભાઈ વિનોદભાઈ બાંભણીયા (ઉ.૨૩ વર્ષ) અને વિશાલ વિનોદભાઈ બાંભણીયા (ઉ.૨૦) એકસાથે ઝેરી દવા પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો છે, જે બાદ આ ત્રણેયને સારવાર માટે રાજકોટ સિવિલમાં સારવારમાં દાખલ કરાયા હતા, જ્યાં ૨૦ વર્ષિય યશે સારવાર દરમિયાન દમ તોડ્યો છે.આ બનાવ અંગે જાણવા મળ્યું છે કે, આ કૌટુંબિક ભાઈઓની જમીન ગામના નદી કિનારે આવેલી છે.

આ જમીનની આસપાસ ખનીજ માફિયાઓ ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરી રહ્યા છે, એટલું જ નહીં આ કૌટુંબિક ભાઈઓની જમીન લિઝ પર લેવાની માથાકૂટમાં ખનીજ માફિયાઓ ત્રણેય ભાઈઓને સતત ત્રાસ, ધમકીઓ અને દબાણ કરતા હતા, જેના કારણે આ ત્રણેય ભાઈઓએ આત્મહત્યાનો આ ભયાનક પ્રયાસ કર્યો હતો.લીઝની માથાકૂટમાં ત્રણ ભાઈઓએ ઝેરી દવા પીધી છે, જેમાંથી સારવાર દરમિયાન એકનું મોત થયું છે, જ્યારે બંને યુવાનો હાલમાં રાજકોટ સારવાર હેઠળ હોવાની માહિતી હાલ સામે આવી રહી છે, ત્યારે ભોગ બનનાર ભાઈઓના પરિવારજનોએ રાજકોટ સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે બેસી ધરણાં શરૂ કરી દીધાં છે.

તેઓએ સ્પષ્ટ જાહેર કર્યું છે કે, "જ્યાં સુધી ખનીજ માફિયા સામે કડક કાર્યવાહી નહીં થાય અને આરોપીઓની ધરપકડ નહીં થાય ત્યાં સુધી અમે યશના મૃતદેહ સ્વીકારીશું નહીં."આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે રોષ ફેલાવ્યો છે, ત્યારે ખનીજ માફિયાના ત્રાસનો ચોંકાવનારો કિસ્સો સામે આવતા પોલીસ પણ દોડતી થઈ છે, વાંકાનેરના કોઠી મહિકા ગામના ૩ ભાઈઓએ આમ ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યા બાદ તેઓને હોસ્પિટલમાં દાખલ કર્યા હોવાની જાણ થતાં જ વાંકાનેર તાલુકા પોલીસની ટીમ રાજકોટ સિવિલ હોસ્પિટલ દોડી ગઈ હતી, જ્યાં સારવાર દરમિયાન એક ભાઈનું મોત થયું હોવાની જાણ થતા જ પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી અને તપાસ હાલ હાથ ધરી છે.


**પશ્ચિમ રેલ્વે**

**ઉલ્લંઘન અને સફાઈ કાર્ય સાથે તોડી પાડવું**

ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (બાંધકામ), બીજો માળ, એનેક્સ બિલ્ડીંગ, DRM ઓફિસ, પ્રતાપનગર, પશ્ચિમ રેલ્વે વડોદરા-390004, ટેન્ડર સૂચના નં. S&T/C/BRC/148/2025-26, તા. 17.11.2025. કાર્યનું નામ અને સ્થાન: "વડોદરા ડિવિઝન, વિશ્વામિત્રી - ડભોઈ સેક્શન વચ્ચે ડબલિંગ પ્રોજેક્ટના સંદર્ભમાં માટીકામ અને પુલના કામને સરળ બનાવવા માટે ઉલ્લંઘન દૂર કરવા અને ક્લિયરિંગ સાઇટ સાથે તોડી પાડવા માટે હાલના S&T ગિયર્સ જેમ કે દફનાવવામાં આવેલા કેબલ, OFC, સ્થાન બોક્સ અને LC ગેટ સાધનોનું સ્થળાંતર". કાર્યની અંદાજિત કિંમત: ₹ 5,94,11,572.60. EMD: ₹ 4,47,100/-. સબમિશન માટેની તારીખ અને સમય: તા. 10.12.2025 ના 15:00 કલાકે. ખુલવાની તારીખ અને સમય: તા. 10.12.2025 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ : www.ireps.gov.in ની મુલાકાત લો 0804

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલ્વે અમદાવાદ વિભાગ**

**ટ્રેકનું સંપૂર્ણ નવીકરણ**

ઈ-ટેન્ડર નોટિસ નં. 17 ના 2025-26 તારીખ: 19.11.2025 ઇ-ટેન્ડર નંબર: DRM-ADI-151-2025-26 (EPC mode) કામનું નામ : પદમપુર-સામખીયાળી (ડાઉન લાઇન)- સંપૂર્ણ ટ્રેક નવીકરણ (P) 60 કિગ્રા-40.713 કિમી (KRCL વિભાગ) અંદાજિત NIT કિંમત: ₹ 45,22,66,872.70 EMD કિંમત: ₹22,61,400.00 ભુલ સુધારવાની છેલ્લી તા.: 14-12-2025 સ્થળ પર 1લી પ્રી-બિડ મીટિંગ: તા. 15-12-2025 સ્થળ પર 2જી પ્રી-બિડ મીટિંગ: તા. 02-01-2026 બિડ દસ્તાવેજ માટે વિનંતી કરવાની છેલ્લી તારીખ : 20-03-2026 ના 11:00 કલાકે. બધા દસ્તાવેજો ભૌતિક રીતે સબમિશન: તા. 25-03-2026 ના 11:00 કલાકે. ટેકનિકલ બિડ ખોલવાની તારીખ: 27-03-2026 ના 16:00 કલાકે. ઇ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઇટ www.ireps.gov.in ટેન્ડર આમંત્રણ આપનાર અધિકારી: સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર પશ્ચિમ) અમદાવાદ સંપર્ક નંબર: +91 9724093202 ટેન્ડર આમંત્રણ આપનાર અધિકારીનો ઇમેઇલ આઈ.ડી. : srdennwadi@gmail.com ઓફિસ સરનામું: સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર પશ્ચિમ)-અમદાવાદ ડિવિઝનલ રેલ્વે મેનેજર-અમદાવાદ ઓફિસ, ગ્રાઉન્ડ ફ્લોર, એન્જિનિયરિંગ વિભાગ, જી.સી.એસ. હોસ્પિટલ સામે, ચામુંડા બ્રિજ પાસે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ (ગુજરાત)- 382345. ADI 203

અમને લાઇક કરો: facebook.com/WesternRly

### મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ યુનિટી માર્ચ ને આત્મનિર્ભર ભારતની દિશાનુ પગલુ ગણાવ્યું

# સાબરકાંઠા જિલ્લામાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે જિલ્લા કક્ષાની ભવ્ય યુનિટી માર્ચ યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ભારતની એકતા અને અખંડીતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિની રાષ્ટ્રીય ઉજવણીના ભાગ રૂપે સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે જિલ્લા કક્ષાની ભવ્ય યુનિટી માર્ચનુ આયોજન કરવામાં આવ્યુ હતું.



ગુજરાતના શિક્ષણ અને સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ આ પ્રસંગે યુનિટી માર્ચ ને સંબોધતા જણાવ્યુ હતુ કે આ યુનિટી માર્ચ માત્ર પ્રતિકાત્મક પગલુ નથી પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના નિર્માણની દિશામાં એક મજબુત સંકલ્પ છે. મંત્રીએ વર્ષ ૨૦૨૫ ને ઐતિહાસિક ત્રિવેણી સંગમનુ વર્ષ ગણાવ્યુ, કારણ કે આ વરસે ભગવાન બિરસામુંડાની ૧૫૦ મી જન્મજયંતિ, રાષ્ટ્રગીત વંદે માતરમના ૧૫૦ વર્ષ અને સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિનો શુભ સંયોગ રચાયો છે. મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે સરદાર વલ્લભભાઈ પટેલના અવિશ્વસનીય યોગદાનને કારણે આજે ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી ગણાય છે.તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૮૨ મીટર ઉંચી સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવીને સરદાર સાહેબને આપેલી સાચી શ્રધ્ધાંજલીને બિરદાવી હતી. તેમણે ભારપૂર્વક કહ્યુ હતુ કે ગૃહમંત્રી અમિત શાહે કલમ ૩૭૦ હટાવીને બાબા સાહેબ આંબેડકર અને સરદાર પટેલના એક ભારતના સ્વપ્નને પુરૂ કર્યુ છે. તેમણે અખંડ ભારતના નિર્માણમાં સહકાર આપનાર દેશી રજવાડાઓનો આભાર વ્યકત કર્યો હતો. સૌને ભારતની એકતાની રક્ષા કરવાનો સંકલ્પ લેવાનુ આહવાન કરતા તેમણે કહ્યુ હતુ કે ૨૦૪૭ મા ભારતની આઝાદીના ૧૦૦ વરસ પુર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે આત્મનિર્ભર ભારતથી વિકસિત ભારત બનાવવા મકકમ મનથી સૌ સહભાગી બનીએ એ જ સરદાર વલ્લભભાઈ પટેલને સાચી શ્રધ્ધાંજલી હશે.

આ યુનિટી માર્ચ નો પ્રારંભ સરદાર પટેલ સ્ટેચ્યુ, ટાવર ચોકથી થયો હતો અને ત્યાંથી સીવીલ સર્કલ, બસસ્ટેન્ડ, મોતીપુરા ઓવરબ્રીજ, જીઆઈડીસી મોતીપુરા થઈને સાબરડેરી ખાતે યાત્રાનુ સમાપન થયુ હતું. હિંમતનગર ટાવર ચોક ખાતે સરદાર પટેલની પ્રતિમાને મંત્રીએ સુતરની આંટી અર્પણ કરી પદયાત્રાની શરૂઆત કરાવી હતી. આ સાથે પદયાત્રાના રૂટમાં આવતી બાબા સાહેબ આંબેડકર અને મહાત્મા ગાંધીજીની પ્રતિમાને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. માર્ગમાં વિવિધ સ્થળો પર યાત્રાનુ પુષ્પવર્ષા થી સ્વાગત કરવામાં આવ્યુ હતુ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે યુવા આઈકન, સોશીયલ મીડીયા ઈન્ફલુઅન્સર્સ અને રમતવીરોને સન્માનીત કરવામાં આવ્યા હતા અને મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ સાબરડેરી ખાતે વૃક્ષારોપણ પણ કર્યુ હતું. આ એકતા યાત્રામાં સાબરકાંઠા કો.ઓ. બેંક, સાબરડેરી સહિત વિવિધ સંસ્થાઓ, મંડળો સહભાગી બન્યા હતા.

# રાજયમાં ૬ નવી સુરત, રાજકોટ, ગાંધીનગર, વડોદરા ગ્રામ્ય નવી ડીઈઓ કચેરીને અપાઈ મંજુરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજયના શિક્ષણ વ્યવસ્થાપનને વધુ વ્યવસ્થિત અને સરળ બનાવવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તારીખ ૧૭ નવેમ્બર ૨૦૨૫ ના રોજ શિક્ષણ વિભાગ દ્વારા મંજુર કરવામાં આવેલા ઠરાવ અનુસાર રાજયમાં ૬ નવી જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) કચેરીઓ શરૂ કરવામાં આવશે. આ નિર્ણય અંતર્ગત કચ્છ જિલ્લાની અંજાર, અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર, વડોદરા ગ્રામ્ય, રાજકોટ ગ્રામ્ય, સુરત ગ્રામ્ય અને ગાંધીનગર ગ્રામ્ય ખાતે નવી કચેરીઓની વૈકલ્પિક વ્યવસ્થા અને મહેકમ મંજુર કરવામાં આવ્યુ છે.

આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ કામગીરીનુ ભારણ ઘટાડવુ અને શાળાઓનુ નિરીક્ષણ વધુ અસરકારક બનાવવાનો છે. શિક્ષણ વિભાગે કચ્છ, અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, રાજકોટ અને સુરત જિલ્લાની હાલની કચેરીઓના કાર્યક્ષેત્રનુ વિભાજન કરીને નવી જગ્યાઓ ઉભી કરી છે.



આ નવી કચેરીઓ માટે જિલ્લા શિક્ષણ અધિકારી (વર્ગ-૧) ની નવી જગ્યાઓ મંજુર કરવામાં આવી છે અને વર્ગ-૨, ૩ અને ૪ ના કર્મચારીઓને હાલના મહેકમમાંથી તબદીલ કરવામાં આવશે. આ કચેરીઓ કચ્છ જિલ્લાના અજાર ખાતે શેઠ ડી વી સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા, સવાસરા નાકા બહાર અંજાર, અમદાવાદ શહેર (પૂર્વ ) બ્લોક નં. બી, બહુમાળી ભવન, હિમાલયા મોલની સામે વસ્ત્રાપુર, વડોદરા (ગ્રામ્ય) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ત્રીજો માળ કારેલી બાગ, ગાંધીનગર (ગ્રામ્ય) જુના વઢવાણનો ઉતારો, કસ્તુરબા માર્ગ, જિલ્લા બેંકની સામે, ગાંધીનગર (ગ્રામ્ય) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સેકટર-૭, સુરત (ગ્રામ્ય) બ્લોક એ ત્રીજો માળ જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ ખાતે કચેરીઓ કાર્યરત રહેશે.

આ વિભાજન બાદ શાળાઓની સંખ્યામાં પણ મોટો ફેરફાર થશે, દા.ત. અમદાવાદ શહેરમાં કુલ ૧૮૯૨ શાળાઓમાંથી હવે પૂર્વ વિસ્તારમાં ૧૨૪૨ શાળાઓ અને પશ્ચિમ વિસ્તારમાં ૬૫૦ શાળાઓ રહેશે, સુરત જિલ્લામાં કુલ ૧૭૭૯ શાળાઓમાંથી શહેર વિસ્તારમાં ૧૪૦૧ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૭૮ શાળાઓ રહેશે. એ જ રીતે કચ્છમાં કુલ ૫૨૯ શાળાઓમાંથી અંજાર (પૂર્વ) હસ્તક ૨૫૮ અને ભુજ (પશ્ચિમ) હસ્તક ૩૨૯ શાળાઓ આવશે.

મહેકમની વાત કરીએ તો અમદાવાદ શહેર પૂર્વ વિસ્તાર માટે કુલ ૪૭ જગ્યાઓ (વર્ગ ૧ થી વર્ગ ૪) ફાળવવામાં આવી છે. જયારે પશ્ચિમ વિસ્તાર માટે ૨૩ જગ્યાઓ રહેશે. વડોદરા ગ્રામ્ય માટે ૧૩ અને શહેરી વિસ્તાર માટે ૩૨ જગ્યાઓ રહેશે. આ જ પ્રકારે અન્ય જિલ્લાઓમાં પણ સ્ટાફનુ વિભાજન કરવામાં આવ્યુ છે.

# અમદાવાદમાં કડકડતી ઠંડી વચ્ચે રોગચાળાએ માથુ ઉચકયું: સોલા સીવીલ હોસ્પીટલમાં ઓપીડી ના ૧૪ હજાર થી વધુ કેસ નોંધાયા

### ૧૧૫૨ દર્દીઓ હોસ્પીટલમાં દાખલ: શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગોનો ઝડપી ફેલાવો ચિંતાજનક

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં કડકડતી ઠંડી વચ્ચે રોગચાળાએ માથુ ઉચકયુ છે, માત્ર એક જ અઠવાડીયામાં સોલા સીવીલ હોસ્પીટલમાં ઓપીડીના ૧૪ હજાર થી વધુ કેસ નોંધાતા હોસ્પીટલ દર્દીઓથી ઉભરાઈ રહ્યુ છે. ગત અઠવાડીયાની સરખામણીએ આ અઠવાડીયે ૧ હજાર થી વધુ કેસનો ધરખમ વધારો થયો છે.

માત્ર એક જ અઠવાડીયામાં સોલા સીવીલ હોસ્પીટલમાં ૧૪૩૧૦ કેસ નોંધાયા છે અને ૧૧૫૨ દર્દીઓ હોસ્પીટલમાં દાખલ થયા છે.

ગત અઠવાડીયાની સરખામણીએ ચાલુ અઠવાડીયે ૧ હજાર થી વધુ કેસનો ધરખમ વધારો થયો છે, સોલા સીવીલ હોસ્પીટલના સુત્રોના કહેવા પ્રમાણે ડેન્ગ્યુના- ૧૧ , મેલેરીયાના -૧૪, ચીકનગુનીયાના-૧૧, ડાયેરીયા-૧૮ અને વાયરલ હીપેટાઈટીસ-૩, કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદ વાસીઓને સ્વચ્છતા જાળવવા અને પાણી ઉકાળીને પીવાની સલાહ તંત્ર દ્વારા અપાઈ છે.




# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સિંચાઈ વિભાગની ઘોર બેદરકારી: કેનાલ ઓવરફલો થતા ખેડુતોના રવી પાકને થયુ નુકશાન

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર તાલુકાના કાનડા પંથકમાં ધરોઈ સિંચાઈ વિભાગની ઘોર બેદરકારીના કારણે કેનાલ ઓવર ફલો થતા ખેડુતોના રવી પાકને વ્યાપક નુકશાન પહોચ્યુ છે. કેનાલમાંથી લાખો લીટર પાણી ખેતરોમાં ફરી વળતા અંદાજે ૩૦ વિઘા માં વાવેતર કરેલા પાકને મોટો ફટકો પડયો છે. ઘઉ , તમાકુ અને રાયડા સહિતના ખેતરોમાં પાણી ફરી વર્યા છે. ખેતરોમાં ઢીંચણસમા પાણી ભરાઈ જતા ખેતીને નુકશાન થયુ છે, કેનાલની યોગ્ય સફાઈ ન કરવામાં આવતા કેનાલ ઓવર ફલો થઈ છે. ત્યારે ધરોઈ સિંચાઈ વિભાગના અધિકારીઓની નબળી કામગીરી અને બેદરકારીને લઈને ખેડુતોમાં ભારે રોષ જોવા મળ્યો છે.


ઘઉં, તમાકુ, રાયડા સહિતના ખેતરોમાં પાણી ફરી વળ્યા

### ચૈતર વસાવાએ ૪૦૦ થી વધુ લોકોને આમ આદમી પાર્ટીનો ખેસ પહેરાવી આવકાર્યા

# વલસાડમાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઈશ્વર પટેલ સહિત ૪૦૦ લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં હાલ આમ આદમી પાર્ટી સતત એકટીવ જોવા મળી રહી છે, ખાસ કરીને વિસાવદરની જીત બાદ આમ આદમી પાર્ટીમાં અલગ જ ઉર્જા જોવા મળી રહી છે અને આટલુ જ નહી યુવા આદિવાસી નેતા અને ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા હાલ ખુબ જ ઉત્સાહમાં જોવા મળી રહ્યા છે. તેમને તેમના મતવિસ્તારમાં જવાની મનાઈ છે. જેના કારણે તેઓ આજુબાજુના ગામોમાં ફરી અને લોકોને આમ આદમી પાર્ટીમાં જોડી રહ્યા છે.





ભાજપ અને કોંગ્રેસમાં સતત ગાબડુ પાડી રહ્યા છે. આ સાથે જ ચૈતર વસાવાએ વધુ એકવાર કોંગ્રેસમાં ગાબડુ પાડયુ છે અને ગઈ કાલે અંદાજે ૪૦૦ જેટલા લોકોને આમ આદમી પાર્ટીમાં જોડયા છે. ધારાસભ્ય ચૈતર વસાવાના હાથે ખેસ પહેરીને વલસાડની ધરમપુર વિધાનસભાના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઈશ્વર પટેલ ૪૦૦ થી વધુ સમર્થકો સાથે આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. ચૈતર વસાવાની હાજરીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા, આ મામલે ચૈતર વસાવાએ કહ્યુ હતુ કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં આમ આદમી પાર્ટી એકલા હાથે લડશે અને જીતશે, જંગલની જમીન ખેડતા ખેડુતોને વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અંતર્ગત સરકારે આજદીન સુધી સનદ આપી નથી. જે ખેડુતોને સનદ આપી એ લોકોને હજુ સુધી અધિકાર નથી મળ્યા, પાવરગ્રીડ અને જેટકોએ ખેડુતો કે ગ્રામસભાની પરમીશન વગર પ્રોજેકટો નાખ્યા. આદિવાસી વિસ્તારમાંથી નદીનુ પાણી લઈ જઈ સરકાર જે ૬૦ ડેમોનુ નિર્માણ કરવા જઈ રહી છે તેનો અમે વિરોધ કરીએ છીએ. ૬૦ ડેમોથી ૬૧ ગામના ખેડુતોને વિસ્થાપિત થવાનો ડર છે, માટે સરકાર આ પ્રોજેકટ રદ કરે, સરકાર શ્વેતપત્ર જાહેર કરી આ પ્રોજેકટ રદ કરે, અમારા ભોળા લોકોને છેતરીને નવા નવા પ્રોજેકટ નામે જમીનો છીનવી લેવાય છે, એનો અમે સખત વિરોધ કરીએ છીએ, મોહન ગઢમાં ૩ પેઢીથી અહીંયા રહેનાર ૪૧ પરીવારને નોટીસો મળી છે. જો તંત્ર એમને હેરાન પરેશાન કરશે તો લાખો ની સંખ્યામાં અમે એકઠા થઈશુ અને એમની સાથે ઉભા રહીશું.

# ખેડા જિલ્લાના કપડવંજમાં એસઆઈઆર નુ કામ કરતા આચાર્યનુ અવસાન: ઉંઘ્યા પછી જાગ્યા જ નહી

### કપડવંજમાં આચાર્ય અને બીએલઓની ફરજ બજાવતા રમેશભાઈ પરમારનુ નિધન: ડીપ્રેશનથી અવસાન થયાનો પરીવારજનોનો આરોપ



પ્રતિનિધિ,ગાંધીનગર

હાલમાં સમગ્ર ગુજરાતમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત એસઆઈઆર પ્રક્રિયા હાથ ધરાઈ છે. ત્યારે ખેડા જિલ્લાના કપડવંજમાં એક દુઃખદ ઘટના બની છે. બીએલઓ નુ કામ કરતા નવાપુર પ્રાથમિક શાળાના આચાર્ય ઓફીસર રમેશભાઈ પરમારનુ હાર્ટ એટેકથી મોત થઈ ગયુ છે. જાણવા મળ્યુ છે કે બીએલઓની જવાબદારી મળ્યા બાદ તેઓ ડીપ્રેશનમાં રહેતા હતા. ત્યારે એકાએક આચાર્યના અવસાનથી પરીવારમાં દુઃખનો માહોલ છવાઈ ગયો છે.

મળતી માહિતી અનુસાર ખેડા જિલ્લાના કપડવંજમાં જાંબુડી ગામમાં રહેતા અને નવાપુર પ્રાથમિક શાળાના આચાર્ય તથા બુથ લેવલ ઓફીસર રમેશભાઈ પરમાર (ઉ.વ.૫૨) નુ હાર્ટ એટેકથી અવસાન થયુ છે. તેઓ કપડવંજ તાલુકામાં બીએલઓનુ કામ કરતા હતા , પરીવારનો આરોપ છે કે બીએલઓની વધારે પડતી કામગીરીના કારણે તેઓ ગંભીર ડીપ્રેશનમા હતા. તેઓ દુર દુર સુધી આ કામગીરી કરવા જતા હતા. જેના કારણે તેઓનુ ૧૮ મી નવેમ્બર ની રાત્રે ઉંઘમાં જ અવસાન થઈ ગયુ છે. તેમને ખાનગી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જો કે તેમને મૃત ઘોષિત કરાયા હતા. ડોકટરે હૃદય રોગના હુમલાને કારણે મોત થયુ હોવાનુ જણાવ્યુ હતું. રમેશભાઈ પરમાર છેલ્લા ઘણા સમયથી શિક્ષક તરીકેની ફરજ ઉપરાંત વિધાનસભા ચુંટણીને લગતી બીએલઓની જવાબદારી પણ નિભાવતા હતા. પરીવારજનોના કહેવા પ્રમાણે મોડી રાત સુધી વોટર લીસ્ટ તૈયાર કરવુ, ઘરે ઘરે ફોર્મ ભરાવવા જવુ અને અધિકારીઓનુ સતત દબાણ આ બધાથી તેઓ માનસિક તણાવમાં રહેતા હતા.

# ગુજરાત સરકારે આવનારા બજેટને લઈ તૈયારીઓ શરૂ કરી: નાણાંમંત્રી કનુ દેસાઈએ વિભાગવાર મંત્રીઓ અને સચિવો સાથે કરી બેઠક

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે શિક્ષણ, સામાન્ય વહિવટ વિભાગ સાથે બેઠક કરી હતી અને સાથે સાથે માર્ગ અને મકાન વિભાગો સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં વર્તમાન બજેટ સાથે નવી બાબતોને લઈ ચર્ચા કરાઈ હતી.

નાણાંમંત્રી, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની હાજરીમાં છેલ્લી બેઠક થશે. ગત વરસે ૨૦ ફેબ્રુઆરીએ નાણાંમંત્રી કનુ દેસાઈએ બજેટ રજુ કર્યુ હતું.

નાણાંમંત્રી કનુ દેસાઈએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ગુજરાત સરકારનો ૩,૩૨,૪૬૫ કરોડનુ અંદાજપત્ર રજુ કર્યુ હતુ, જેમાં મહિલાઓ, કિશોરીઓ, બાળકો, કુપોષણ, શિક્ષણ જેવા અનેક ક્ષેત્રો માટે જાહેરાતો કરવામાં આવી હતી, સામાન્ય રીતે દર વરસે બજેટમાં ૧૧ થી ૧૨ ટકાનો વધારો થતો હોય છે, તેને જોતા આ વખતે બજેટનુ કદ પોણા ચાર લાખ કરોડ આસપાસ રહેવાની શકયતા છે. જેમાં પણ ગયા વરસની માફક યુવાનો, મહિલાઓ, ગરીબો અને ખેડુતોને કેન્દ્ર સ્થાને રાખીને જાહેરાતો કરાશે.



# આમ આદમી પાર્ટીને દિલ્હીમાં અભિમાન હતુ : જનતાએ સુપડુ સાફ કરી દીધુ: સાંસદ ધવલ પટેલ

### રાવણ કરતાય મોટો અહંકાર : વલસાડ માં ધવલ પટેલે આપ-કોંગ્રેસને આપી ખુલ્લી ચેતવણી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસ પર યોજાયેલા યુનિટી માર્ચમાં વલસાડ ના ભાજપ સાંસદ ધવલ પટેલે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા, તેમણે અરવિંદ કેજરીવાલના અહંકારની સરખામણી રાવણ સાથે કરતા કહ્યુ હતુ કે અરવિંદભાઈ કેજરીવાલને રાવણ કરતા પણ વધારે અહંકાર હતો. એટલે દિલ્હીની જનતાએ તેમને ઘર ભેગા કરી દીધા,



સાંસદ ધવલ પટેલે વધુમાં કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટીને દિલ્હીમાં ખુબ અભિમાન હતુ પરંતુ હવે ત્યાં તેમની સ્થિતિ શું છે તે બધાને ખબર છે, તાજેતરમાં બિહાર વિધાનસભા ચુંટણીમાં પણ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસની ડીપોઝીટ જપ્ત થઈ ગઈ છે. ગુજરાતની જનતા પણ આવી પાર્ટીઓને સ્વીકારશે નહી, તેમણે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પર ગંભીર આરોપ લગાવતા કહ્યુ હતુ કે આ બંને પાર્ટીઓ આપણા સમાજ અને રાજયને તોડવાનુ કામ કરે છે, દેશની બહારના લોકોને દેશ વિરૂધ્ધ કાવતરૂ ઘડવા માટે સમર્થન આપે છે, તેમણે વલસાડની જનતાને અપીલ કરતા કહ્યુ હતુ કે આપણે બધા એક રહેવુ, એકતામાં રહેવુ અને સજાગ રહેવું. સાંસદ ના આ નિવેદનથી ગુજરાતના રાજકીય વાતાવરણમાં ખળભળાટ મચી ગયો છે. વલસાડ જિલ્લા આમ આદમી પાર્ટીના આગેવાનોએ આ નિવેદનનો તીવ્ર વિરોધ કર્યો હતો અને તેને રાજકીય હતાશાનુ પરીણામ ગણાવ્યુ હતું. કોંગ્રેસના પ્રતિનિધિઓએ પણ આ નિવેદનને અસત્ય અને ભાજપની નિરાશા તરીકે ઓળખાવી છે. તો બીજી તરફ ભાજપના કાર્યકર્તાઓએ સાંસદના નિવેદનને સમય સુચક અને સાચુ ગણાવીને તેનુ સમર્થન કર્યુ છે. આ ઘટનાએ ગુજરાતમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં આગામી લોકોસભા અને વિધાનસભા ચુંટણીઓ અગાઉ રાજકીય તાપમાન વધારી દીધુ છે.

# ગુજરાત રાજયમાં મતદાર યાદીમાં ૧.૪૨ લાખ મૃતકોના નામ: એસઆઈઆર ની કામગીરીમાં ચોંકાવનારી આવી વિગતો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મતદાર યાદીઓની તપાસ દરમિયાન કેટલીક ચોંકાવનારી માહિતી બહાર આવી છે.

રાજયમાં કુલ ૧.૪૨ લાખ મૃતકોના નામ હજુ પણ મતદાર યાદીમાં નોંધાયેલા હોવાનુ એસઆઈઆર ની કામગીરી દરમિયાન બહાર આવ્યુ છે. જેમાં સૌથી વધુ સૌરાષ્ટ્રમાં સૌથી વધુ મૃતક મતદારો નોંધાયા છે. એસઆઈઆર આંકડા મુજબ સૌરાષ્ટ્ર વિસ્તારમાં કુલ ૩૦૭૯૪ મૃતક મતદારોના નામ હજુ પણ યાદીમાં છે, મુખ્ય શહેરોના આંકડા તરફ નજર કરીએ તો અમદાવાદમાં ૨૭૩૨૪, વડોદરામાં ૧૭૬૨૮, રાજકોટમાં ૯૩૧૨ અને સુરત શહેરમાં ૫૩૦૩ મૃતકોના નામ યાદીમાં સમાયેલા છે. મૃત્યુ પામેલા લોકોના નામ હજુ સુધી અપડેટ કરવામાં આવ્યા નથી. ચકાસણી દરમિયાન જાણવા મળ્યુ કે જુની મતદાર યાદીઓમાં ઘણા જીવીત મતદારોના નામ નથી, જયારે મૃત્યુ પામેલા લોકોના નામ હજુ સુધી અપડેટ કરવામાં આવ્યા નથી. મતદાર યાદી અપડેટ થઈ ન હોવાથી બહાર આવ્યુ છે.

